


વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ મે, ૨૦૨૬
વર્ષ : ૫૧ ● અંક : ૫

કારણ સત્સંગની પ્રાદુર્ભાવી નગરી ભૂજ શહેરને
વિષે ઊજવાયો દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ













## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૪) વ્હાલા ગુરુજીનું વિજાપુર, વેજલપુર (ગોધરા), દાહોદ ખાતે અનુક્રમે દિવ્ય સત્સંગ વિચરણ (૫) ગોધર ખાતે ઘનશ્યામ મહાપ્રભુના અભિષેકનો લાભ લેતા ગુરુજી (૬-૮) વડોદરા ખાતે પ્રેમીભક્તોના મનોરથ પૂરા કરતા ગુરુજી

# શ્રીહરિ સંકલ્પ મહોત્સવ ઉપક્રમે

## Divine Discipline

**(મે માસના સંકલ્પો)**

**દિવ્ય વર્તન**

કોઈ પણ સાથે વાતચીત કે વ્યવહારમાં પહેલાં અન્યને શાંતિપૂર્વક સાંભળીએ અને સમજીએ.

વાણી, વર્તન કે વ્યવહારથી કોઈની પણ અવગણના ન કરીએ.

સૌને માન આપીએ અને નાના-મોટા સૌના વચનોનું મૂલ્ય સમજીએ.

**જનરલ શિસ્ત**

મંદિર, ઘર, ઓફિસ કે કોઈ પણ જગ્યાએ બૂટ કે ચંપલને યથાયોગ્ય સ્થાને લાઇનમાં અને વ્યવસ્થિત રીતે જ મૂકીએ.


**GHANSHYAM**

10 May, 2026 • Year : 51 • Edition : 05

ઘનશ્યામ

૧૦ મે, ૨૦૨૬ ● વર્ષ : ૫૧ ● અંક : ૦૫


## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૭ ભૂજનગરમાં શ્રીહરિ

૧૦ ભૂજમાં એસ.એમ.વી.એસ.નો પ્રાદુર્ભાવ તથા ગુરુદેવ-ગુરુજીના અપાર દાખડા દ્વારા સત્સંગનું સંવર્ધન

૧૩ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ : ભૂજ

૧૮ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ૯૩મો પ્રાગટ્યોત્સવ

૨૬ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું ઑસ્ટ્રેલિયા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ


**'GTPL-ભક્તિ' ચૅનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,

કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૪૨૧

Visit us : www.smvs.org Email : magazine@in.smvs.org

કુલ પેજ : ૪૦ + ૪ ટાઈટલ = ૪૪

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.



# દિવ્યવાણી

(તા. ૨૯-૩-૨૦૨૬ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત)

અધ્યાત્મ માર્ગમાં આગેકૂચ કરતા સાધકની સાધનામાં દેહભાવના યોગે રહેતો પ્રસિદ્ધિનો રાગ બહુ મોટું વિઘ્ન સર્જે છે. પોતાના જીવનનો ધ્યેય ભુલાવી દે છે. અવરભાવના રાગમાત્રને ટાળવાનો ઉપાય છે – સ્વ-સ્વરૂપની ઓળખાણ. તે વિષે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તા. ૨૯-૩-૨૦૨૬ની સંકલ્પ સભામાં વિશેષ લાભ આપ્યો હતો તેનું મનન કરીએ.

આપણી ઈચ્છાઓ અને કામનાઓ જ આપણને ઘડીકમાં સુખી અને ઘડીકમાં દુઃખી કરી દે છે. સત્સંગ અપડાઉન થઈ જાય છે. અંદર રહેલી આશા-તૃષ્ણા અને અસંતોષની જ્વાળા આપણને જીવનમાં સ્થિર થવા દેતી નથી. ‘નથી’નું દુઃખ આપણી પાસે જે ‘છે’ તેનો પણ આનંદ લૂંટવા દેતું નથી. આપણી પાસે ગાડી નથી પણ બાઈક તો છે ને ? બંગલો નથી પણ રહેવા ફ્લૅટ તો છે ને ? ‘નથી’નો વિચાર છોડી જે ‘છે’ તેના આનંદમાં રહેવું.

સદ્. દેવદેવાનંદ સ્વામી જેઓ પૂર્વાશ્રમમાં ચૂડાના કરશનજી ભાટ હતા. તેમને કોઈએ ખોટું મનમાં ઘાલી દીધું હતું કે, ‘તમે વઢવાણ દરબારના વારસદાર છો.’ ત્યારથી ૨૦૦ વીઘાં જમીન અને ભર્યુંભાદર્યું ઘર હોવા છતાં વઢવાણનું રાજ્ય મેળવવાની લાલસામાં દુઃખી થઈ ગયા. હું વઢવાણનો રાજા છું. મને રાજ્ય મળવું જ જોઈએ. અંતરમાં રાજ્ય મેળવવાનો-પ્રસિદ્ધિનો રાગ અતિ પ્રબળતાથી જાગ્યો. જેના કારણે બધું જ હોવા છતાં દુઃખી થઈ ગયા. ગમે તેટલું મળવા છતાં લૌકિક ઈચ્છાઓ કે કામનાની ક્યારેય તૃપ્તિ થતી જ નથી. સમજણથી જ તૃપ્ત થવાનું છે.

રાજા ભોજ નગરમાં છૂપા વેષે નગરચર્યા કરવા નીકળ્યા હતા. એ વખતે એક કઠિયારાએ તેમની પાસે લાકડાંનો ભારો માથે ચડાવવા મદદ માગી. ભારો ચડાવતાં રાજાએ પૂછતાછ કરી કે, “ક્યાં રહે છે ? લાકડાં વેચવાથી કેટલા મળે ? ઘરનો નિર્વાહ કેવો ચાલે છે ? સુખી તો છો ને ?” ત્યારે કઠિયારાએ કહ્યું, “જો ભાઈ, હું સામેના ગામમાં રહું છું. રોજના ચાર આનાનાં લાકડાં વેચું છું. બે આનાનો ખર્ચો છે ને બે આના બચે છે. જલસાથી જીવું છું. હું તો રાજા ભોજ જેવો સુખી છું.”

કઠિયારાની વાત સાંભળતાં ભારો ચડાવતા રાજા ભોજ વિચારમાં પડી ગયા કે, ‘આ કઠિયારો ચાર આનાની આવકમાં પણ ખુશ છે. મારા જેવો સુખી ગણે છે અને હું આવડું મોટું રાજ્ય



મહાત્મ્યના દૃઢાવે અંતરમાં આનંદના ફુવારા છૂટે.

છે તોપણ મારી પાસે ચક્રવર્તી રાજ નથી, મારી પાસે ચક્રવર્તી રાજ નથી એ વિચારે દુઃખી દુઃખી ફરું છું. ચક્રવર્તી રાજની કામના, અસંતોષ અને અતૃપ્તિના રાગ જ મારા દુઃખનું કારણ છે.' કઠિયારાની વાત પરથી સમજાય કે, અંતરના સુખનો આધાર બાહ્ય પરિસ્થિતિ, ભૌતિક સુખ-સંપત્તિ નથી પણ સમજણ છે.

આપણને અનંતકોટિ બ્રહ્માંડમાં કોઈને નથી મળ્યા એવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની પ્રાપ્તિ થઈ છે. હવે કોઈ વાતની ખામી રાખી નથી. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે,

"પૂરણબ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ."

સરકાર તરફથી ૫૦૦ કરોડનું બૉન્ડ મળી જાય પછી કોઈ વાતનું દુઃખ રહે? ના. કારણ, ઑથોરાઈઝ્ડ કાગળ ઉપર છાપેલું છે એનો વિચાર કરતાં જ બધી ચિંતા ટળી જાય. તેમ આવા સર્વોપરી મહારાજ મળ્યા, એમણે મૂર્તિમાં રાખ્યાના કોલ આપ્યા પછી કઈ વાતનું દુઃખ ? હવે તો સદાય આનંદમાં રહેવું. સદાય મોજમાં રહેવું. આવા મહારાજ મળ્યા પછી પણ આપણાં રોદણાં રોવાનાં ચાલુ રહે તો આપણે હજુ મહારાજને ઓળખ્યા જ નથી. બાળકના હાથમાં ૫૦૦ કરોડના બૉન્ડનું કાગળ આપે તો તેને ફાડી નાખે, ફેંકી દે. કેમ ? તો, તેને તેનું યથાર્થ મૂલ્ય સમજાયું નથી. તેમ આવા મહારાજ મળ્યા પછી હાયવોય ચાલુ રહે તો મહારાજનું યથાર્થ મહાત્મ્ય સમજાયું જ નથી. તેથી પ્રાપ્તિનો આનંદ આવતો નથી. જો યથાર્થ મહાત્મ્ય સમજાય તો રોમ રોમમાં આનંદના ફુવારા છૂટે.

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ એટલે જ કહ્યું છે, "અમલ સહિત વાત ઓચરવી..." અમલ એટલે કેફ, નશો, મસ્તી. દુન્યવી ચીજવસ્તુ, સત્તા-સંપત્તિનો નશો ચડે અને ગમે ત્યારે ઊતરી જાય પણ જેને આવા સર્વોપરી પુરુષોત્તમનારાયણ પ્રતિલોમપણે મળ્યા છે તેનો અમલ (નશો) ચડે તે ક્યારેય ઊતરે નહીં. નિરંતર તેનો આનંદ અને ખુમારી છલકાતી રહે. પંચમહાલના ભુલાભાઈ પટેલ. હૃદયમાં દુખાવો, નળી બ્લૉકેજ, સ્ટેન્ટ મુકાવ્યું હતું. અમે (ગુરુજી) દર્શન આપવા પધાર્યા એ વખતે પૂછ્યું, "કેમ છે ?" ત્યારે રજમાત્રથી, અમલમાં રહી મસ્તીથી બોલ્યા, "ગુરુજી, આપે મૂર્તિમાં જ રાખ્યા છે. મૂર્તિમાં જ છું. તે સારું જ હોય ને !" આઈ.સી.યુ.માં હતા. ઑપરેશન બાદ ચારેબાજુ નળીઓ ભરાવેલી હોવા છતાં મહારાજ મળ્યાનો કેફ-આનંદ દેહના દુઃખને પણ ભુલાવી દે છે. ગમે તેવા સંજોગ-પરિસ્થિતિને પણ સહન કરવાનું બળ મળી જાય.

એસ.એમ.વી.એસ. ગર્લ્સ છાત્રાલયમાં ભણતી ૧૭ વર્ષની દીકરી તથા તેમના ૧૨-૧૩ વર્ષના ભાઈના પિતાશ્રી વિપુલભાઈ મનસુખભાઈ માંગરોળિયા ૪૫ વર્ષની ઉંમરે આકસ્મિક રીતે મહારાજની મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા. તેમનો સત્સંગ ત્રણ વર્ષનો જ છે. આ પ્રસંગે મહારાજ મળ્યાના આનંદ અને પ્રાપ્તિના કેફમાંથી જે બળ મળ્યું તે વર્ણવતો પત્ર દીકરીએ લખ્યો હતો. તેમાં લખ્યું હતું કે, "મોટા મહારાજને (પિતાશ્રીને) શ્રીજીમહારાજે મૂર્તિના સુખે સુખિયા કર્યા એ વખતે મહારાજે એવું બળ આપ્યું કે આંખમાંથી આંસુનું ટીપું પડવા દીધું નથી. એમની નનામી લીધી ને અગ્નિસંસ્કાર આપવા છતાં મહારાજે ખૂબ બળ અને હિંમત આપી. પિતાશ્રી તો અમારું આ લોકનું માવતર હતાં. મારાં સાચાં માવતર તો મહારાજ અને મોટાપુરુષ છે. એ તો સદાય અમારી સાથે જ છે. તો પછી અમને કેવો ભય? કેવી ભવિષ્યની ચિંતા? શાનું દુઃખ? બસ, શ્રીજીમહારાજ સેવકના મોટા મહારાજને (પિતાશ્રીને) ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે એવી પ્રાર્થના." આ છે મહારાજ મળ્યાનો કેફ અને આનંદ.

આપણે મહારાજનો મહિમા સમજીએ છીએ પણ દેહભાવ સોતો સમજાય છે એટલે મહાત્મ્યનું લક્ષ્યાર્થપણું થયેલું દેખાતું નથી. શ્રીહરિએ ગઢડા છેલ્લાના ૩૯મા વચનામૃતમાં સત્સંગ કર્યો કોને કહેવાય તે સમજાવતાં કહ્યું છે કે ભગવાનના મહિમાનું બળ જોઈએ અને પોતાના સ્વરૂપનું બળ જોઈએ. આપણી પાસે એક છે, બીજું નથી એટલે બીજા વગર એક પાંગળું થઈ જાય છે. ભગવાનનો મહિમા છે પરંતુ આપણા સ્વરૂપને હજુ આપણે ઓળખ્યું નથી. ભગવાન સ્વામિનારાયણ જે મળ્યા છે એના પ્રતાપે આત્મનિષ્ઠાનું બળ છે. મુખ્ય બળ સ્વરૂપનિષ્ઠાનું છે.

સદ્. આત્માનંદ સ્વામીને સવાસો વર્ષ થયાં. ઘણું રિબાતા હતા છતાં શ્રીજીમહારાજ ધામમાં તેડવા પધારતા ન હતા. તેમની અંતિમ સેવા કરવા હરિભક્તો ધંધુકા પાસેના વાગડ ગામમાં લઈ ગયા હતા. સદ્. ગુણાતીતાનંદ સ્વામી આત્માનંદ સ્વામીનાં દર્શન કરવા વાગડ પધાર્યા. નંદપંક્તિના મોટા મોટા સંતો અંતર્ધાન થઈ ગયા હતા. તેથી સદ્. આત્માનંદ સ્વામીએ સદ્. ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "અલ્યા ગુણાતીતાનંદ, મહારાજ તારી પ્રાર્થના સાંભળે છે. મહારાજને પ્રાર્થના કર કે મારું પાનિયું ક્યાં ખોવાઈ ગયું ? હવે સવાસો થયાં; મને તેડી જાય."

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ એકલા બેસાડી તેમને પૂછ્યું, “સ્વામી, તમે મહારાજને કેવા જાણો છો ?” અને આ પ્રશ્ન પૂછ્યા પછી સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ ધીરે ધીરે મહારાજને અન્વય-વ્યતિરેકપણે સર્વોપરી સમજાવ્યા. યથાર્થ સર્વોપરી નિશ્ચય સમજાતાં સદ્. આત્માનંદ સ્વામીના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. સ્વામીએ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના પત્તરની પ્રસાદી માગી. સ્વામીને મહારાજની સર્વોપરી નિષ્ઠાની ગેડ્ય પડી એના ચોથા દિવસે જ મહારાજ ધામમાં તેડી ગયા.

શ્રીજીમહારાજે કહ્યું છે કે, ‘લાખ મણ લોઢાની તલવાર હોય તેને કોઈ ઊંચકી જાણે તો તે ઊંચકનારો કેવો જબરો (બળવાન) હોય !!! સામાન્ય વ્યક્તિનું કામ જ નહીં.’ તેમ જેના રૂંવાડે રૂંવાડે શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા, મહાત્મ્ય ભર્યું હોય તેના મુખમાંથી આવી વાતો નીકળે. અનંતને સર્વોપરી નિષ્ઠાની ગેડ્ય પડાવી મૂર્તિમાં રાખ્યાની હા પડાવતા હોય એ સત્પુરુષ કેવા બળવાન હોય !!!

દાતણ વેચનારી બાઈ હોલસેલમાં ગમે તેટલી ટ્રક ભરી દાતણ વેચે તોય શેઠાણી બની શકે; રાજરાણી નહીં. દાતણવાળીને રાણી થવાનો એક જ ઉપાય છે – રાજા રાજી થઈને રાજરાણી બનાવે તો થવાય; બાકી પોતાની મેળે કદાપિ ન થવાય. તેમ સ્વામિનારાયણ ભગવાનના ભક્ત થવાય પણ અનાદિમુક્ત પોતાની મેળે ન થવાય. એ તો એવા સત્પુરુષ મળે તો તે કરે.

**મોટાપુરુષ મળ્યા પરભાવીરૂપ, કર્યા અમોને મૂર્તિ સ્વરૂપ;**
**એક-બેને નહિ અનંતને કર્યા, કેવા પ્રચંડ છે અનંતને ભર્યા.**

આ ફેરે અનંતને અનાદિમુક્ત કરવાનો ધણીનો (મહારાજનો) પ્રચંડ સંકલ્પ છે. મહારાજ-બાપા આ વખતે ખાસ આ મિશન લઈને પધાર્યા છે. ધણીના સંકલ્પને રોકનારો છે કોણ !!! મોદી સાહેબે ઑપરેશન સિંદૂરમાં પસંદ કરેલા જાંબાઝો કાંઈ સામાન્ય ન હોય. બીજા કરતાં વિશેષ હોય તો જ આવા ખાસ ઑપરેશન માટે તેમની પસંદગી થઈ હોય. મોદી સાહેબના સંકલ્પને પૂરો કરનાર કોઈ સામાન્ય ન હોય તેમ અનંતકોટિ બ્રહ્માંડના ધણીએ એમના અનાદિમુક્તની સ્થિતિ પમાડવાના સર્વોપરી સંકલ્પમાં આપણી પસંદગી કરી છે. તો એમની પસંદગી કાંઈ સામાન્ય ન હોય. આપણે ઑપરેશન અનાદિમુક્તનું મિશન અનાદિમુક્ત વિશ્વમ્ દ્વારા સાકાર કરવાનું છે. અનાદિમુક્ત વિશ્વમ્ એટલે બ્રહ્મવિદ્યાની કૉલેજ. એમાં પહેલાં સ્વરૂપનિષ્ઠા દૃઢ કરવી પડે; પછી આત્મનિષ્ઠા દૃઢ કરવાની છે. ત્યાં સત્ એવા આત્માનું સત્ એવા પરમાત્મા સાથે મિલન કરવાનું છે.

શ્રીજીમહારાજે ગઢડા પ્રથમના ૨૩મા વચનામૃતમાં કહ્યું છે કે, ‘નિશ્ચય તો યથાર્થ છે પણ તે દેહાત્મબુદ્ધિ સોતો ભગવાનનું ભજન કરે છે... તો તેને માથે વિઘ્ન છે.’ મહારાજની યથાર્થ સર્વોપરી નિષ્ઠા સમજ્યા પછી દેહભાવથી પર થઈ પોતાનું સ્વરૂપ યથાર્થ ઓળખી આપણને કેવા કર્યા છે તેના આનંદમાં રહેવું.




**“કથાવાર્તા એ તો જીવાત્માનો ખોરાક છે.”**

@smvskatha

**વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો લાભ લઈ**
**આધ્યાત્મિક માર્ગે ઉન્નત બનીએ.**



# ભૂજનગરમાં શ્રીહરિ

સર્વોપરી પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન આ વસુંધરા પર અનહદ કરુણા કરી પ્રગટ થયા. શ્રીહરિએ પોતાની પ્રાગટ્યભૂમિ તરીકે ભરતખંડના ઉત્તરપ્રદેશનું છપૈયા ગામ પસંદ કર્યું. જ્યારે રમણભૂમિ તરીકે ગુજરાત પ્રદેશ પસંદ કર્યો. શ્રીહરિની દિવ્ય પદરજથી સમગ્ર ગુજરાતની ભૂમિ તીર્થરૂપ બની. એમાંય ગુજરાતનો કચ્છ પ્રદેશ કેવી રીતે સ્વામિનારાયણીય સત્સંગના રંગે રંગાયો તેનો ઇતિહાસ જાણીએ.

### સદ્. મુક્તાનંદ સ્વામીના અભ્યાસથી ભૂજનગરમાં સત્સંગનાં મંડાણ

શ્રીહરિના પ્રાગટ્ય પૂર્વે કચ્છ-ભૂજમાં સ્વામિનારાયણીય સત્સંગનાં મંડાણ કરવા પૂર્વાપર આયોજન રૂપે સદ્. રામાનંદ સ્વામીએ પોતાના બે શિષ્યો સદ્. મુક્તાનંદ સ્વામી તથા સદ્. દેવાનંદ સ્વામીને ભૂજમાં રાઓશ્રી લખપતજી પાઠશાળામાં વ્રજભાષા ભણવા મોકલ્યા હતા. બંને સંતો એક સ્થાનમાં રહેતા. ગામમાંથી ભિક્ષા માગી જમી લેતા. એક વખત એ સ્થાનમાં સાથે રહેતા અન્ય વૈરાગી સંતો સાથે વિવાદ થયો. શાંતિપ્રિય સદ્. મુક્તાનંદ સ્વામી એ સ્થાન છોડી નીકળી ગયા. બંને સંતોને મૂંઝવણ ઊભી થઈ કે હવે ક્યાં રહીશું ?? તેઓ નિત્યક્રમ મુજબ સુંદરજીભાઈ ને હીરજીભાઈના ઘરે ભિક્ષા લેવા ગયા. તેમનાં માતુશ્રી રૂપાબાઈ બંને સંતોને સારા અને નિર્દોષ માની ભિક્ષા આપતાં.

સંતોને ઉદાસ જોઈ બાઈએ પૂછ્યું, “સંતો, આજે કેમ ઉદાસ જણાવ છો ?” ત્યારે તેમણે કહ્યું, “ઉતારાની અડચણ આવી છે. હવે શું કરીશું ? અને ક્યાં રહીશું ?” રૂપાબાઈએ કહ્યું, “અમારી પાસે એક ઘર છે. હું મારા દીકરાને પૂછી જોઈશ.” રૂપાબાઈએ બંને દીકરાને કહ્યું, “બે સાધુ આપણે ત્યાં ભિક્ષા લેવા આવે છે. બહુ સારા સંતો છે. તેમને ઉતારાની અડચણ છે તો આપણી ભૂતવાળી વંડીમાં રાખીએ તો સુખેથી બંને સંતો રહે.” બંને ભાઈઓ થોડી વાર તો હા-ના કરતા હતા. એ જ વખતે બંને સંતો ત્યાં આવ્યા. તેમના મુખ પર તેજસ્વિતા અને સૌમ્યતા જોઈ બંને ભાઈઓને ભાવ થયો અને ઉતારા માટે ભૂતવાળી વંડીની ઓરડી આપી. એ વંડી ભૂતના વાસ તરીકે પ્રખ્યાત હતી. ત્યાં કોઈ રહેવા જતું ન હતું. બંને સંતોએ ત્યાં રાત્રિનિવાસ કર્યો.

રાત્રે ભૂતો આવ્યાં. સંતોનાં દર્શનથી તેમની બુદ્ધિ નિર્મળ થઈ. ભૂતોએ સદ્. મુક્તાનંદ સ્વામી પાસે મોક્ષ માગ્યો. સ્વામીએ જળ છંટકાવ કરી તેમનો મોક્ષ કર્યો. સવાર પડતાં બંને સંતો સરોવરે સ્નાન કરવા પધાર્યા. લોકોને જાણ થઈ કે ભૂતોની અસર આ બંને સંતો પર થઈ નહિ બલ્કે સંતોએ તેમનો મોક્ષ કર્યો. આ વાત આખા ભૂજનગરમાં પ્રસરી ગઈ. પછી તો સુંદરજીભાઈ, હીરજીભાઈ તથા મુમુક્ષુજનો સદ્. મુક્તાનંદ સ્વામીના સમાગમનો લાભ લેવા આવતા થયા. સ્વામી પોતાના મહાપ્રતાપી ગુરુ રામાનંદ સ્વામીના મહિમાની ખૂબ વાતો કરતા હતા.

ભણતર પૂર્ણ કરી બંને સંતો લોજ પધાર્યા. તેઓએ સદ્. રામાનંદ સ્વામીને કચ્છના સત્સંગની વાત કરી. ત્યારપછી સદ્. રામાનંદ સ્વામી વખતોવખત કચ્છ પધારતા અને સત્સંગનો વ્યાપ વધતો જતો હતો. આમ, ભૂજમાં સુથારોમાં, મલ્લોમાં અને કાયસ્થોમાં સદ્. રામાનંદ સ્વામીએ ખૂબ સત્સંગ કરાવ્યો. સદ્. રામાનંદ સ્વામીએ ભૂજમાં અને તેરા ગામે સદાવ્રત પણ ચાલુ કરાવેલું. આ રીતે સદ્. રામાનંદ સ્વામીએ કચ્છમાં શ્રીહરિ માટે પૂર્વેથી સત્સંગના બાગની ખૂબ ખિલવણી કરી રાખી હતી.

### ઘરેણાં પહેરનારા તો થોડા દિવસમાં અહીં આવશે

સદ્. રામાનંદ સ્વામી કચ્છના સત્સંગને વેગ આપવા વખતોવખત પધારતા ત્યારે ઘણી વખત પ્રસંગોપાત્ત શ્રીહરિના આગમનની એંધાણી આપતા. એક દિવસ સ્વામી ભગવાનજીભાઈના ઘરે જમવા પધાર્યા. જમી રહ્યા પછી ભગવાનજીભાઈએ સદ્. રામાનંદ સ્વામીને હેતથી ચંદનની અર્ચા કરી. વળી, હેમની ઊતરી, કડાં, વેઢ, વીંટી, કંદોરો આદિક ઘરેણાં પહેરાવવા લાગ્યા. ત્યારે સ્વામીએ કહ્યું, “અમે તો સાધુ છીએ, ભગવાન નથી. ભગવાનને ઘરેણાં પહેરાવાય, અમને નહીં. આ ઘરેણાં સાચવી રાખો. થોડા દિવસમાં જ આ ઘરેણાં પહેરનાર ધણી આવી જશે.” એમ કહીને પાછા મુકાવી દીધાં.

### ભૂજમાં શ્રી નીલકંઠ વર્ણીનો સદ્. રામાનંદ સ્વામી પર પ્રથમ પત્ર

શ્રીહરિ વર્ણી વેષે લોજપુર પધાર્યા. એ સમયે ગુરુ રામાનંદ સ્વામી ભૂજ વિચરતા હતા. વર્ણી પધાર્યાના નવ નવ માસ વીતી ગયા. છતાં સદ્. રામાનંદ સ્વામીનાં દર્શન નહોતાં થયાં. વર્ણીએ ગુરુ રામાનંદ સ્વામીના મિલનની તીવ્ર ઉત્કંઠાને તૃપ્ત કરવા તેઓને પ્રથમ પત્ર લખ્યો હતો. જે પત્ર લઈ મયારામ ભટ્ટ ભૂજ ગયા. સદ્. રામાનંદ સ્વામીને શ્રીહરિનો પ્રથમ મેળાપ પત્ર દ્વારા ભૂજમાં થઈ ગયો. પત્ર ખોલતાં જ સર્વત્ર દિવ્ય તેજ તેજના અંબાર ખડા થઈ ગયા. સદ્. રામાનંદ સ્વામી સહિત સૌના અંતરમાં શીતળતા વ્યાપી ગઈ. તે વખતે સદ્. રામાનંદ સ્વામીએ પ્રથમ વખત ભૂજમાં શ્રીહરિનો યથાર્થ મહિમા વર્ણવ્યો હતો, “સંતો-ભક્તો, જેમની અમે વર્ષોથી રાહ જોતા હતા તે અક્ષરધામના ધણી સત્સંગમાં આવી ગયા છે. હવે અમારી બધી ચિંતા ટળી ગઈ. જેના માટે અમે આ દાખડો કરતા હતા એ સત્સંગના ધણી લોજમાં આવી ગયા છે. અમે આજ સુધી કહેતા કે, અમે તો માત્ર ડુગડુગી વગાડનાર છીએ... ખરા ખેલ ભજવનાર તો પાછળ આવશે. એ ખેલ ભજવનાર સ્વયં



‘અમે તો ડુગડુગી વગાડનાર છીએ ખરા ખેલના ભજવનાર તો હવે આવશે.’

સર્વોપરી પ્રભુ આવી ગયા છે.'' આમ, શ્રીહરિ આ બ્રહ્માંડમાં પધાર્યાનો સૌપ્રથમ યથાર્થ મહાત્મ્યયુક્ત ઉદ્‌ઘોષ કરવા સદ્. શ્રી રામાનંદ સ્વામીએ ભૂજનગરની પાવન ભૂમિને તથા ત્યાંના ભક્તોને પસંદ કર્યા હતા.

શ્રીહરિએ પણ ગાદીએ આરૂઢ થયા પછી સંવત ૧૮૬૧થી ૧૮૬૮ એમ સળંગ ૮ વર્ષ સુધી દર વર્ષે કચ્છ-ભૂજ પધારી ત્યાંના ભક્તોને ખૂબ સુખ આપ્યું છે. કચ્છ-ભૂજના પ્રથમ વિચરણ વખતે જ શ્રીહરિએ કંથકોટ અને ધમડકા પધારી બાળકીને દૂધપીતી કરવાનો રિવાજ તથા અનેક સામાજિક કુરિવાજો પર પ્રતિબંધ કરાવ્યો હતો. ભૂજનગરમાં હિંસામય યજ્ઞ પર પ્રતિબંધ કરાવી અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કર્યું હતું. માંડવીના પ્રખર વેદાંતી ખૈયા ખત્રીના ૧૦૮ પ્રશ્નોના જેમ છે તેમ યથાર્થ ઉત્તર આપી તેમને પોતાના આશ્રિત કર્યા હતા. અન્નકૂટોત્સવ, ફૂલદોલોત્સવ આદિક અનેક ઉત્સવો ઊજવી સૌ સંતો-ભક્તોના મનોરથ પૂર્ણ કરી ભૂજનગરને તીર્થત્વ બક્ષ્યું હતું.

શ્રીહરિ જે હેતુથી આ બ્રહ્માંડમાં પધાર્યા હતા તે સર્વોપરી ઉપાસનાની વાતો કચ્છના તેરા ગામમાં ખૂબ કરી હતી. વળી, અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તન કાજે ગામ માનકૂવામાં સંતોને 'આ રૂમાલ નથી તલવાર છે' એવી ઠાવકી ઘેડ્ય પડાવી હતી. શ્રીહરિએ પોતાની અવરભાવની હયાતીમાં છ મંદિરોની સ્થાપના કરી હતી. તેમાંનું એક મંદિર સંવત ૧૮૭૯, વૈશાખ સુદ પાંચમના રોજ ભૂજનગરમાં પણ સ્થાપ્યું હતું.

શ્રીહરિ અવરભાવમાં આ લોકમાં મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા ત્યારે ૧૨૫ વર્ષ સુધી દર્શન આપવાનો સંકલ્પ કરેલો. પરંતુ સમાજની પાત્રતાના અભાવે એ સંકલ્પ અપૂર્ણ રહ્યો. શ્રીહરિએ જ્યારે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે તેઓનાં દર્શન કાજે કચ્છના હરિભક્તો આવ્યા હતા. શ્રીહરિએ તેઓને આશીર્વાદ આપ્યા હતા કે, 'અમારા જેવા જ અમારા સંકલ્પ સ્વરૂપ અનાદિમુક્ત કચ્છમાં પ્રગટ થશે અને તમને સૌને લાડ લડાવી સુખિયા કરશે તથા તમારા મનોરથ પૂર્ણ કરશે.'

શ્રીહરિએ દેવબાને કાળી તલાવડીએ દર્શન આપી મુક્ત દ્વારે પોતે પ્રગટ થવાના આશીર્વાદ આપ્યા. સંવત ૧૯૦૧, કારતક સુદ ૧૧ના રોજ કચ્છના ભૂજ તાલુકાના વૃષપુર (બળદિયા) ગામમાં શ્રીજીસંકલ્પમૂર્તિ અબજીબાપાશ્રીનું પ્રાગટ્ય થયું. શ્રીહરિના સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની સ્થિતિના સંકલ્પોને પૂર્ણ કરવા બાપાશ્રીએ કચ્છમાં શુદ્ધ કારણ સત્સંગની સ્થાપના કરી.

બાપાશ્રી જોગમાં આવનાર હજારો સંતો-હરિભક્તોને કાર્ય-કારણ, અવરભાવ-પરભાવની સમજણ આપી મહારાજની મૂર્તિને મુખ્ય કરાવતા. સંવત ૧૯૬૨માં તા. ૩૦-૪-૧૯૦૬ના રોજ ભૂજ મંદિરના કળશ ચઢાવવા પ્રસંગે બાપાશ્રી ભૂજ પધાર્યા હતા. શણગાર આરતી પછી પૂજા વિધિ થયો. શરણાઈના નાદથી આખું મંદિર ગાજતું હતું. ત્યારબાદ ધામધૂમથી મંદિર ઉપર કળશ ચઢાવી સૌએ ખૂબ આનંદ-ઉત્સવ કર્યો. ત્યારબાદ સૌ ઠાકોરજી જમાડવા ગયા. કળશ ચઢાવવાના કાર્યના ઉદ્‌ઘોષમાં સૌ લેવાઈ ગયા એવું જણાતાં જ બાપાશ્રીએ સૌને જમાડીને તરત સભામાં બોલાવ્યા અને કથામાં વાત કરી કે, ''આજે કળશ ચઢાવવાના કાર્યમાં સહુને કેટલો આનંદ થયો !! શ્રીજીમહારાજે તો પોતાના આશ્રિતને અખંડ આનંદ આપવા સંવત ૧૮૩૭, ચૈત્ર સુદ નોમથી કલ્યાણનો કળશ ચઢાવ્યો છે. જે જીવ શરણે આવે તેના જન્મમરણનાં ખાતાં વાળી મૂર્તિના સુખે સુખિયા કરે છે. માટે આપણે ખરેખરા પાત્ર થઈ જવું.'' એમ વાત કરી થોડી વાર મૌન રહ્યા.

પછી સદ્‌ગુરુ સામે જોઈ વાત કરી કે, ''એક વાર મહારાજે સંતની સભા સામે એવી તો અમૃત નજર ફેરવી કે સૌની વૃત્તિ મૂર્તિમાં ખેંચાઈ ગઈ. પછી મહારાજ ધીરે સ્વરે બોલ્યા જે, 'સંતો, આવો અમારા સુખના ભોગી હોય તે આવો.' એમ બોલતાં ઊભા થઈ ઉપર ઓઢેલો ખેસ કાઢી નાખ્યો. ઉઘાડે તને સૌને ભેટ્યા અને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. મહારાજનો દિવ્ય સ્પર્શ થતાં જ સભામાં સૌને અહોઅહોભાવ થઈ ગયો. સૌને દિવ્યભાવ સિદ્ધ થઈ ગયો. મહારાજ ધારે તો પોતાના જનને વાત વાતમાં સુખિયા કરે.'' એવી રીતે બાપાશ્રીએ કાર્યનો ઉદ્‌ઘોષ છોડી સૌને મહારાજની મૂર્તિમાં જોડાવાની વિશેષ વાતો કરી કારણ મુખ્ય કરાવ્યું હતું.

બાપાશ્રીએ અનાદિમુક્તની સ્થિતિના પ્રવર્તન કાજે જ વૃષપુરમાં મહામોટા છ જગન કર્યા હતા. કચ્છના માનકૂવા, નારાણપર, કેરા, રામપર વેકરા, દહીંસરા, ટપર, માંડવી આદિક અનેક ગામોમાં વિચરી કારણ સત્સંગના અમૃત ઘૂંટ પાયા હતા. આમ, બાપાશ્રીએ ભૂજ અને સમગ્ર કચ્છમાં અનાદિમુક્તની સ્થિતિનું છડેચોક પ્રવર્તન કરી કારણ સત્સંગના અવિચળ ખૂંટ ખોડ્યા હતા. સદ્. નિર્ગુણબાપા, સદ્. ઈશ્વરબાપા, સદ્. વૃંદાવનબાપા, સદ્. મુનિબાપા આદિક મોટાપુરુષોએ ઘણા દાખડા કર્યા છે. એમની પરંપરાએ કારણ સત્સંગને લીલો રાખ્યો.

'ઘરેણાં પહેરનારા તો હવે આવશે !' – સદ્. રામાનંદ સ્વામી.



# ભૂજમાં એસ.એમ.વી.એસ.નો પ્રાદુર્ભાવ તથા ગુરુદેવ-ગુરુજીના અપાર દાખડા દ્વારા સત્સંગનું સંવર્ધન

શ્રીજીમહારાજ અને જીવનપ્રાણ અબજીબાપાશ્રી પ્રબોધિત કારણ સત્સંગને નવપલ્લવિત કરવા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ અવારનવાર કચ્છ પ્રાંતમાં સત્સંગ વિચરણ કર્યું છે. જેનો દિવ્યારંભ ઈ.સ. ૧૯૭૮માં દિવ્ય પ્રવાસયાત્રાથી થયો હતો. તા. ૧૯ અને ૨૦ ઓગસ્ટ, ૧૯૭૮ એમ બે-દિવસીય યાત્રાપ્રવાસમાં કુલ ૭૫ હરિભક્તોનો સંઘ જોડાયો હતો. એક બસ અને એક એમ્બેસેડર ગાડી દ્વારા સંઘ અમદાવાદથી મૂળી, ચરાડવા થઈ રાત્રે પોણા અગિયાર વાગ્યે વૃષપુર પહોંચ્યો હતો. ત્યાં બાપાશ્રીની બે ભાગ વાતોની પારાયણની કથાનો લાભ લઈ સંઘ રામપર ગંગા પહોંચ્યો. આ પ્રાસાદિક સ્થાનમાં શ્રીજીમહારાજે કરેલી અદ્‌ભુત લીલાઓ અને ઉપદેશ વચનોનું મહિમાગાન કરાવી ગુરુદેવ સંઘ સહિત માંડવી દરિયે પહોંચ્યા. શ્રીજીમહારાજની સ્મૃતિ સહિત ધૂન કરતાં સંઘે દરિયામાં સ્નાન કર્યું. જેમાં ગુરુદેવે સૌને ભેટણ લીલાનો લાભ આપ્યો. ત્યારબાદ સંઘ દહીંસરા, ભૂજ થઈ વૃષપુર પહોંચ્યો. જ્યાં ગુરુદેવે બાપાશ્રીના પ્રાગટ્ય સ્થાનનો ઇતિહાસ તથા મહિમાનું ગાન કરી સૌને બાપામય કરી દીધા હતા.

આમ, એસ.એમ.વી.એસ.ના આદ્ય મંદિર વાસણાની પ્રતિષ્ઠા પૂર્વેથી અવારનવાર ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કચ્છ-ભૂજ સત્સંગ વિચરણ માટે પધારતા. અતિ પ્રતિકૂળ સંજોગો હોવા છતાં તેઓ ધક્કા ગાડી દ્વારા ભૂજ પધારતા. અમદાવાદથી ભૂજ પહોંચતાં એ સમયે ૧૨ કલાક થતા. વર્ષો સુધી બંને દિવ્યપુરુષોએ અહીં સત્સંગ વિચરણ કરી સંકલ્પોનાં વાવેતર કર્યાં હતાં. જેની યાદી લેખના અંતે કોષ્ટકમાં દર્શાવેલ છે.

### ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પીડિતો પર ગુરુદેવ તથા ગુરુજીની અમીદૃષ્ટિ

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ પ્રભુનિર્મિત ભૂકંપની સંહાર લીલામાં કચ્છ-ભૂજ મુખ્ય કેન્દ્ર હતું. આવા સમયમાં એકમાત્ર મૂર્તિસુખનું દાન કરી દેહભાવનાં દુઃખો દૂર કરવા પધારેલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ભૂકંપ પીડિતોનાં અવરભાવનાં દુઃખો દૂર કરવાનો આરંભ કરાવ્યો.



મનમુખી સ્વભાવ પાયમાલ કરી નાખે છે.

કરુણામૂર્તિ સત્પુરુષોએ ભૂજ, ભચાઉ, અંજાર તથા અંતરિયાળ ગામોની મુલાકાત લઈ, પરિસ્થિતિ નજરે નિહાળી રાહતકાર્યનો કેમ્પ સંસ્થા દ્વારા ત્વરિતપણે શરૂ કરાવી દીધો. આર્થિક સહાયની સાથે સૌને ભજન-ભક્તિનાં અંગ પડાવવા, નિર્વ્યસની કરવા આદિ ધાર્મિક પ્રવૃત્તિઓ પણ શરૂ કરી.

ગામોગામ ફરી નિરાધાર લોકોને સાંત્વના આપતા. ખબરઅંતર પૂછી જીવન જરૂરિયાતની વસ્તુ, સીધું-સામગ્રી આપતા. મનની સાંત્વના પણ આપતા. આવા સમયે સગાંસંબંધી કરતાં પણ વિશેષ પ્રેમ-હૂંફ સૌને આ નિઃસ્વાર્થ સ્વરૂપો તરફથી મળ્યો હોય તેવો અનુભવ થતો.

• • •

### ભૂજમાં ખોડાયા કારણ સત્સંગના અવિચળ પાયા

આમ, ગુરુદેવ તથા ગુરુજીએ ભૂજ ખાતે કારણ સત્સંગના સિદ્ધાંતોનું પ્રવર્તન કરવા અથાગ દાખડા કર્યા પરંતુ પૂ. સંતોની અછત અને સત્સંગ વિકાસના ભારણને લઈ કચ્છની સત્સંગ પ્રવૃત્તિ પર વિશેષ ધ્યાન આપી શકાયું નહોતું. જેનું ગુરુદેવ અને ગુરુજીના હૈયે ભારે દુઃખ હતું. તેથી સાનુકૂળ સંજોગો થતાં જ ઈ.સ. ૨૦૧૩માં ગુરુદેવે પૂ. નિર્માનસ્વામીના મંડળને કચ્છ જિલ્લામાં સત્સંગ વિચરણ કરવાની આજ્ઞા કરી.

ગુરુદેવની આજ્ઞાને શિરોવંદ્ય કરી પૂ. સંતોએ પધરામણી, સભા તથા નાના-મોટા સમૈયા દ્વારા સત્સંગ પ્રવૃત્તિની શરૂઆત કરી. ધીમે ધીમે સત્સંગનો વ્યાપ વધતાં ભૂજ અને વૃષપુરના આજુબાજુના વિસ્તારમાં પણ ગુરુદેવ-ગુરુજી તથા પૂ. સંતોનું વિચરણ વધતું ગયું.

ઈ.સ. ૨૦૧૪માં તા. ૨૦-૮-૨૦૧૪ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીએ કચ્છના વાગડ વિસ્તારના ચિત્રોડ, ખિરાઈ, સેલારી, રાપર, કલ્યાણપર, કાનપર, હમીરપર, ફતેહગઢ, ખાંડેક, મોડા આદિ ગામોમાં પધારી અનેક મુમુક્ષુઓને દર્શન, આશીર્વાદ અને કથાવાર્તાનો લાભ આપી, કંઠી બાંધી સત્સંગી કર્યા અને નિર્વ્યસની બનાવ્યા હતા. મુંબઈના હરિભક્તો દ્વારા ૧૦૦ કિલો (૫ મણ) સાકરની પ્રસાદી કરેલી. જેના અધમણ અધમણના તાસ ભરી આ બધા જ ગામોમાં સંકલ્પની સાકર વહેંચી હતી.

જ્યારે ઈ.સ. ૨૦૧૫માં તા. ૧૦-૬-૨૦૧૫ના રોજ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ ઉપરોક્ત તમામ ગામોમાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો લાભ આપવા પધાર્યા હતા. આ વિચરણ દરમ્યાન ૫૦૦ મુમુક્ષુઓને કંઠી બાંધી, વર્તમાન ધરાવી સત્સંગી કરી નિર્વ્યસની બનાવ્યા હતા. આ વિચરણ દરમ્યાન પણ કુલ ૧૪૦ કિલો સાકરની પ્રસાદી ગામોગામ વહેંચી આશીર્વાદની હેલી વરસાવી કારણ સત્સંગના સંકલ્પોનું વાવેતર કર્યું હતું.

આમ, મોટાપુરુષોએ કરેલા દાખડા અને એમણે કરેલા સંકલ્પોના વાવેતરને પૂ. સંતો દ્વારા પોષણ મળતાં ખીલી ઊઠ્યા. ખૂબ જ ટૂંક સમયમાં સત્સંગ સમાજ વધવા માંડ્યો. સત્સંગ માટે વ્યવસ્થિત સ્થાન કરવાની જરૂરિયાત જણાઈ. તેથી ગુરુદેવની આજ્ઞાથી ઈ.સ. ૨૦૧૬માં ભૂજ ખાતે સત્સંગ કેન્દ્રના નિર્માણાર્થે જગ્યા લેવાઈ. જેનો શિલાન્યાસ સમારોહ તા. ૨૬-૬-૨૦૧૬ના રોજ ભવ્યતાથી ઊજવાયો. આ જ દિવસે જીવનપ્રાણ બાપાશ્રી પ્રાગટ્ય સ્થાનનો ઉદ્‌ઘાટન સમારોહ પણ ઊજવાયો હતો.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સત્સંગ કેન્દ્રનું બાંધકામ શરૂ કર્યું. અને અંતે તા. ૯-૪-૨૦૨૨ના રોજ વ્હાલા ગુરુજીના હસ્તે કુમકુમ અર્ચન દ્વારા નૂતન સત્સંગ કેન્દ્રના બોર્ડ અનાવરણ તથા મુખ્ય પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આમ, ભૂજનગરને વિષે કારણ





સત્સંગનું નૂતન સદાવ્રત ગુરુજીના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

### હરિભક્તોનાં ભોગ–સમર્પણ

સમગ્ર કચ્છ જિલ્લામાં સ્વામિનારાણીય સત્સંગ તો હતો જ. પરંતુ એસ.એમ.વી.એસ. સંસ્થાના પ્રચાર-પ્રસારની સેવામાં જે જે હરિભક્તોએ તન-મન-ધનથી સેવા કરી છે તેઓને બિરદાવીએ. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. સંતોના વચને કોઈકે ઘરબાર છોડ્યા તો કોઈકે પોતાના ઘરે અઠવાડિક સભા કરવાની સેવા લીધી તે બદલ તે તમામ પરિવારો પર મહારાજ, બાપા, ગુરુદેવ, ગુરુજી રાજી થાય. બળદિયાના મૂ.નિ. કલ્યાણ બાપા, મૂ.નિ. કેશરાભાઈ જેસાણી, દેવજીભાઈ જેસાણી તથા નાનજીભાઈ જેસાણી, સુખસરના કાનજીભાઈ રાબડિયા, કરશનભાઈ રાબડિયા, નયનભાઈ મનજીભાઈ રાબડિયા, કેશવજીભાઈ ભૂડિયા, માનકૂવાના શ્રી ગોવિંદભાઈ ગોરશિયા, સેલારી (રાપર)ના મનજીભાઈ ગામી, ખીમજીભાઈ ગામી તથા સર્વે ભાઈઓ તેમજ ભૂજના સંજયભાઈ પટેલ, મનોજભાઈ નવીનચંદ્ર ઠક્કર, ભાવેશભાઈ રમેશભાઈ ઠક્કર, કપિલભાઈ અશોકભાઈ સોની, જતીનભાઈ જાની તથા અક્ષયભાઈ શશીકાંતભાઈ હાલાઈ, માધાપરના જિજ્ઞેશભાઈ પટેલ, આદિપુરના કાનજીભાઈ સારોલા આદિ હરિભક્તો પોતાનાં ઘરો ખુલ્લાં મૂકી તેમજ પોતે પણ અર્પાઈ જઈને સૌના માટે પ્રેરણારૂપ બન્યા.

**વ્હાલા ગુરુદેવ તથા ગુરુજીના કચ્છ-ભૂજ સત્સંગ વિચરણની યાદી**

| વર્ષ | પધરામણી | જાહેરસભા | સત્સંગ શિબિર | મહાપૂજા/રસોઈ | યાત્રાપ્રવાસ | નગરયાત્રા | અંગતસભા | શાકોત્સવ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯૭૮-૧૯૮૪ | ૪ | ૪ | ૫ | - | ૧ | ૧ | ૨ | - |
| ૧૯૯૩-૨૦૧૦ | ૪૭ | ૧ | ૧ | ૨ | ૨ | - | - | - |
| ૨૦૧૧-૨૦૧૫ | ૧૩૦ | ૮ | ૩ | - | - | ૩ | ૩ | ૩ |
| ૨૦૧૬-૨૦૨૦ | ૪૭ | ૯ | - | ૨ | - | - | ૪ | - |
| ૨૦૨૧-૨૦૨૬ | ૨૫ | ૩ | ૧ | - | - | - | ૩ | ૧૫ (પ્રતિષ્ઠા ઉપક્રમે) |
| ટોટલ | ૨૫૩ | ૨૫ | ૧૦ | ૪ | ૩ | ૪ | ૧૨ | ૧૮ |







# દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ : ભૂજ

વર્ષાઋતુનું આગમન થાય એટલે સમસ્ત ધરા હરિયાળી ચાદર ઓઢી લે છે. ત્યાં પ્રશ્ન થાય કે ઠેર ઠેર બીજની વાવણી માટે કોણ ગયું હશે ? પણ આ પ્રશ્ન જ અસ્થાને છે. બીજ તો જમીનમાં પડ્યું જ હતું અને વર્ષાના આગમનથી અંકુરિત થઈને ઊગી નીકળ્યું. જે ધન્ય ધરા પર સ્વયં શ્રીહરિએ તેમજ શ્રીજીસંકલ્પમૂર્તિએ વિચરણ કર્યું હોય, કારણ સત્સંગના સંકલ્પોનું વાવેતર કર્યું હોય અને એ સંકલ્પો ઊગી ન શકે એવું બને ? ન બને. સ્વયં શ્રીહરિ જેમના કર્તા છે અને બાપાશ્રીના સંકલ્પથી જ જેઓનું પ્રાગટ્ય છે તેવા બબ્બે દિવ્યપુરુષોના અવિરત વિચરણથી ભૂજમાં કારણ સત્સંગના સંકલ્પો ખીલી ઊઠ્યા.

### દિવ્ય નિમંત્રણમ્

તા. ૧-૨-૨૦૨૬ના રોજ વાસણા ખાતે પૂનમના સમૈયામાં ભૂજ, રાપર અને મોરબીના હરિભક્તોએ વ્હાલા ઘનશ્યામ મહારાજ, વ્હાલા ગુરુજી તેમજ સમસ્ત સત્સંગ સમાજને આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં પધારવા માટે નિમંત્રણ આપ્યું હતું.









આજે ભૂજના હરિભક્તોના હૈયામાં અપાર આનંદ હોઈ તેમજ વ્હાલા ગુરુદેવનો સંકલ્પ પૂર્ણ થઈ રહ્યો હોવાથી વ્હાલા ગુરુજીએ પણ આશીર્વાદની હેલી વરસાવતાં જણાવ્યું હતું કે, "હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ ! આજે આપનો સંકલ્પ ચારેય દિશામાં સોળે કળાએ ખીલી રહ્યો છે ત્યારે આ પ્રસંગમાં જે કોઈ આવે, જે કોઈ દર્શન કરે અને જે કોઈ પ્રસાદી જમે એનો આ ને આ જન્મે છેલ્લો જન્મ કરીને મૂર્તિના સુખમાં પહોંચાડજો."

તારીખ જાહેર થતાં જ પૂ. સંતો તથા ભૂજના સૌ હરિભક્તો ધામધૂમથી તૈયારીમાં લાગી ગયા. પૂ. સંતો દ્વારા ઠેર ઠેર ૧૫ જેટલા શાકોત્સવ જેવા ઉત્સવનું આયોજન કરી તેમજ ડોર ટુ ડોર પત્રિકા વિતરણ કરીને સૌને આ પ્રતિષ્ઠા ઉત્સવમાં પધારવા માટે નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પૂ. સંતો દ્વારા દૈનિક સમાચારપત્રો, સોશિયલ મિડિયા તેમજ પ્રેસ કૉન્ફરન્સનું આયોજન કરીને ભૂજ શહેરની જાહેર જનતાને નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

### વચનામૃત પારાયણ

શ્રીહરિની સ્વમુખવાણી એટલે ગ્રંથરાજ વચનામૃત. એમાંય બાપાશ્રીએ તો રહસ્યાર્થ વચનામૃતની ભેટ આપીને ન્યાલ કરી દીધા. આ પ્રતિષ્ઠા ઉત્સવ દરમ્યાન ગ્રંથરાજ વચનામૃતની ત્રિ-દિનાત્મક પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. પારાયણના યજમાન એવા પ.ભ. શ્રી મહેશભાઈ શામજીભાઈ ઠક્કરના નિવાસસ્થાનેથી પૂ. સંતોએ પૂજન-અર્ચન તેમજ આરતી કરી પોથીયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. પારાયણના પ્રથમ દિને વક્તાપદે સંસ્થાના વડીલ સંત પૂ. નિર્ગુણસ્વામીએ લાભ આપ્યો હતો. જ્યારે બીજા અને ત્રીજા દિવસે સૌના વ્હાલા ગુરુજીએ વક્તાપદે બિરાજમાન થઈ વચ. ગ. છે. ૩૮ પર લાભ આપી તમામ મુમુક્ષુઓને કથાવાર્તાનું વિશેષ બળ આપી સુખિયા કર્યા હતા.

### પ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે વિશિષ્ટ કાર્યક્રમો

ભૂજનગરના મુમુક્ષુજનો વ્હાલા ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં નિકટથી દર્શનનો લાભ લઈ શકે તેમજ સૌના મનોરથો પૂર્ણ થાય તેવા શુભ ઉદ્દેશ્યથી આ ત્રિ-દિનાત્મક પ્રતિષ્ઠા ઉત્સવ દરમ્યાન દિવ્ય અભિષેક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વળી, સૌ મુક્તો મહારાજની મૂર્તિમાં જોડાઈ મહારાજને રાજી કરી શકે તેવા હેતુથી તા. ૨૭-૨-૨૦૨૬ના રોજ બપોરે ૨થી ૫ દરમ્યાન સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમજ તા. ૨૮-૨-૨૦૨૬ના રોજ નૂતન મૂર્તિઓની પ્રતિષ્ઠા પૂર્વે સ્વામિનારાયણ મહાયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ૪૦ યજ્ઞકુંડ ઉપર ૧૨૦થી વધુ યુગલોએ











આ મહાયાગનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તદુપરાંત આજરોજ સાંજના સમયે વચનામૃત પારાયણ દરમ્યાન પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજની રજત તુલાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ રીતે મહિલા વર્ગમાં મહિલા હરિભક્તોને પણ મહારાજની દિવ્ય રજત તુલા વિધિનો લાભ પ્રાપ્ત થયો હતો. આમ, ભૂજના મુમુક્ષુજનો વિવિધ કાર્યક્રમોનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.

### ભવ્ય છાબયાત્રા તથા શોભાયાત્રા

તા. ૧-૩-૨૦૨૬ ને રવિવારની નવલી પ્રભાતે ભૂજના હરિભક્તો થનગનતા હૈયે સવારના ૮:૩૦ વાગ્યાના સુમારે છાબયાત્રા તથા શોભાયાત્રા માટે એકત્રિત થયા. આજના દિવસે યજમાન શ્રી મનોજભાઈ નવીનભાઈ ઠક્કરના નિવાસસ્થાનેથી પૂ. સંતોએ ઠાકોરજીની આરતી ઉતારી છાબયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તેમજ વ્હાલા ગુરુજી શોભાયાત્રામાં પધારવા માટે સ્પૉટ પર બિરાજમાન થયા. તેમની વાંસે તમામ પૂ. સંતો પણ સ્પૉટ પર બિરાજમાન થયા. નૃત્ય કરતાં બાળકો-કિશોરો, સુશોભિત સ્પૉટ તેમજ કતારબંધ ગાડીઓ ધર્મધજાઓ લહેરાવતા થકા ભૂજના માર્ગો પર આગળ વધી રહ્યા હતા ત્યારે ચોમેર આધ્યાત્મિકતાની સુવાસ પ્રસરી રહી હતી. પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજી પણ ભૂજના નગરજનો પર કરુણાદૃષ્ટિ રેલાવતા થકા અભયદાનની વર્ષા વરસાવી સંકલ્પોના વાવેતર કરી રહ્યા હતા કે, "હે મહારાજ, હે બાપા, હે ગુરુદેવ, આજે જે કોઈ આપનાં સાચા ભાવે હાથ જોડી દર્શન કરે એનું પૂરું કરી આ ને આ જન્મે મૂર્તિસુખના અધિકારી કરજો. એનો છેલ્લો જન્મ કરજો." શોભાયાત્રા મંદિરે પરત ફરતાં વ્હાલા ગુરુજીએ, પૂ. સંતોએ તથા યજમાન મુક્તોએ કુમકુમ અર્ચન કરી બોર્ડ અનાવરણ કર્યું તેમજ મંદિર પરિસરના મુખ્ય પ્રવેશદ્વારને ઉદ્‌ઘાટિત કરી મોક્ષનું સદાવ્રત જનહિતાર્થે ખુલ્લું મૂક્યું. ત્યારબાદ સૌ મુક્તો મહાપ્રસાદ ગ્રહણ કરવા માટે છૂટા પડ્યા.

### દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તા. ૧-૩-૨૦૨૬ના રોજ બપોરે ૨:૩૦ વાગ્યે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી, દિવ્ય સંતગણ તેમજ યજમાન હરિભક્તોની ઉપસ્થિતિમાં દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવનો પ્રારંભ થયો. પોતાના પ્રાણપ્યારા પ્રિયતમ વ્હાલા વ્હાલા ઘનશ્યામ મહારાજ ભૂજ શહેરને મધ્યે આજે સુખિયા કરવા પધારી રહ્યા હોઈ સૌ કોઈ વહેલી સવારથી જ ઉત્સાહી બન્યા હતા. કીર્તનભક્તિ પૂર્ણ થયા બાદ પૂ. ભક્તવત્સલસ્વામી દ્વારા સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ બાપાશ્રી તથા સદ્‌ગુરુશ્રીઓને મહાપૂજામાં પધારવા માટે આહ્‌વાન










આપવામાં આવ્યું હતું. વ્હાલા ગુરુજી અને પૂ. સંતોએ ગર્ભગૃહના ત્રણેય ખંડોનાં દ્વાર ઉઘાડી સૌને મહાપ્રભુનાં મુક્તમંડળે સહિત દર્શન કરાવ્યાં ત્યારે મંદિર પરિસર 'જય હો જયજયકાર હો'ના નાદથી ગુંજી ઊઠ્યું હતું. વ્હાલા ગુરુજીએ મહારાજને અહીં બિરાજમાન થવા માટે ગદ્‌ગદભાવે પ્રાર્થના કરી હતી. સૌ સંતો-મુક્તો વ્હાલા ગુરુજી સંગે પ્રાર્થનામાં જોડાયા હતા. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ નૂતન પ્રતિષ્ઠિત મૂર્તિઓનું ચંદનથી પૂજન, ભેટણ લીલા, આરતી તેમજ પુષ્પવૃષ્ટિ કરી પ્રતિષ્ઠા ઉત્સવનો આરંભ કરાવ્યો. પૂ. સંતોએ યજમાનોના હસ્તે કંકણ બાંધ્યા બાદ મહાપૂજા વિધિનો પ્રારંભ થયો.

વ્હાલા ગુરુજી સહિત સૌ યજમાન મુક્તોએ અક્ષત અર્પણ કરી ઠાકોરજીને વધાવ્યા. ત્યારબાદ વ્હાલા ગુરુજીએ મહારાજને અહીં બિરાજમાન થઈ સૌના મનોરથ પૂર્ણ કરવા તેમજ ઉપચાર વિધિનો સ્વીકાર કરવા આર્તનાદે પ્રાર્થના કરી. પૂ. સંતોએ સૌ યજમાન મુક્તો વતી સિંહાસનમાં તેમજ યજમાન મુક્તોએ પ્રતીક મૂર્તિ સમક્ષ રાજોપચાર વિધિ તેમજ ઉપચાર અર્પણ કરવાનો દિવ્ય લહાવો લીધો હતો. વ્હાલા ગુરુજીએ મહાપ્રભુના મસ્તકે મુગટ ધારણ કરાવ્યો ત્યારે ઠાકોરજીનાં દિવ્ય નવલાં શણગાર દર્શન પૂરાં થયાં. અંતમાં ઠાકોરજીને શિર પર છત્ર ધારણ કરાવ્યા બાદ ગુરુજીએ મહાપ્રભુને ચમર ઢોળવાની સેવાનો લાભ લઈ દાસત્વભક્તિની રીત શીખવી. વ્હાલા ગુરુજીએ કારણ સત્સંગના પ્રવર્તન સમી મંદિરના શિખર પર ફરકનારી વિજયધજાઓને ભૂજનગરના ગગનમાં લહેરાવવા માટે કુમકુમના ચાંદલા કર્યા. પ્રતિષ્ઠિત મૂર્તિઓની આરતી ઉતાર્યા બાદ આનંદોત્સવનો લાભ લઈ સૌ મુક્તો આજના મહામંગલકારી ઉત્સવ નિમિત્તે પ્રતિષ્ઠા ઉત્સવ સભામાં જોડાયા હતા.

### પ્રતિષ્ઠા ઉત્સવ સભા

આજરોજ પ્રતિષ્ઠા ઉત્સવ સભામાં વ્હાલા ગુરુજીએ દિવ્યવાણીનો લાભ આપતાં જણાવ્યું હતું કે, **"આજે આપણા બાપના આપણી સાથે લગ્ન છે. આજે અહીં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન પોતાના મુક્તમંડળ સહિત બિરાજમાન થયા છે. સ્વામિનારાયણ ભગવાનનો સંકલ્પ હતો અને છે કે અમારે હૈડે હૈડે હરિ સ્થાપવાં છે. આજે અહીં સ્થાવર મંદિરનું નિર્માણ થયું અને હવે ચૈતન્ય મંદિરોના નિર્માણ કરવાનાં છે. સંતો તો સંપ્રદાયનું એન્જિન છે. એન્જિન બોદું ન ચાલે, નહિ તો ડબ્બા રખડી પડે. શ્રીજીમહારાજે જણાવેલ નિયમ-મર્યાદામાં રહી પંચવર્તમાને યુક્ત જીવન જીવવું એ સંતોનો ધર્મ છે અને એવા વર્તનવાળા સંતો જ ચૈતન્ય મંદિરોનું નિર્માણ કરી શકે. ગુરુદેવે અમને એક જ પીયૂષ પાયાં છે કે, 'સાચે સાચું કહેવું છે ને ઘણી રાખે એમ રહેવું છે.' કોઈની મહોબતમાં આવ્યા વિના જીવાત્માને ચોખ્ખે ચોખ્ખી વાત કરી, સર્વોપરી સ્વામિનારાયણ**












**ભગવાનની ઉપાસના દૃઢ કરાવી, મૂર્તિમાં રમણ કરતા કરવાની અમે નેમ લીધી છે. અને આ જ અમારો ધર્મ છે અને એમાં જ મહારાજનો રાજીપો છે."** વ્હાલા ગુરુજીની પારદર્શક, સ્પષ્ટ અને નક્કર દિવ્યવાણીને સાંભળતાં જ સભામંડપ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો હતો. અને સૌ કોઈનું અંતર વીંધાતું હતું.

સભાના અંતે વ્હાલા ગુરુદેવે દિવ્ય આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, **"આજે આપ અહીં બિરાજ્યા છો ત્યારે એક જ પ્રાર્થના છે કે, હે મહારાજ, આ સમસ્ત કચ્છ જિલ્લો, ભૂજ શહેર અને બધાય તાલુકાના સૌ મુમુક્ષુઓ ખૂબ ખેંચાય અને તેમને આપના સ્વરૂપની ઓળખાણ થાય અને તેઓનો છેલ્લો જન્મ થઈ જાય એવી દયા કરજો."**

વળી, વ્હાલા ગુરુદેવે બળદિયા ખાતે પધરાવેલ ચરણારવિંદ તીર્થસ્થાન માટે પણ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, "હે મહારાજ, અહીં કોઈ ગમે તેવો દુખિયો આવે, તેને ગમે તેવી વિષમ પરિસ્થિતિ હોય પણ તે રાજી થકો જાય એવી દયા કરજો. જે તમારી કંઈ આસ્થા રાખે, શ્રદ્ધા રાખે, મહિમાએ સહિત આવે તેનું આ લોકમાં અને પરલોકમાં પૂરું કરજો. અને તેનો છેલ્લો જન્મ કરજો. આ સ્થાનની જે કોઈ આસ્થા રાખશે તેનો મહારાજ ૧૧૦% જરૂર સંકલ્પ પૂરો કરશે."

### નામાભિધાન

ભૂજ નગરપાલિકા દ્વારા આ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ઉપક્રમે SV સિટીથી મુંદ્રા રોડનું 'SMVS સ્વામિનારાયણ માર્ગ' નામાભિધાન કરવામાં આવ્યું હતું. પૂ. ભક્તવત્સલ સ્વામીએ SMVS સ્વામિનારાયણ માર્ગના બોર્ડને કુમકુમ અર્ચન કર્યું હતું. વળી, ભવિષ્યમાં આ માર્ગના બંને છેડા પર પ્રવેશદ્વારનું નિર્માણ કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ બળદિયા ખાતે પધરાવેલ ચરણારવિંદ સ્થાનનાં દર્શન હેતુ ઘણા યાત્રિકો અહીં આવશે. યાત્રિકોના ઉતારા માટે અહીં ટૂંક સમયમાં ઉતારા ભવનનું નિર્માણકાર્ય પણ હાથ ધરવામાં આવશે.





### અન્નકૂટ દર્શન તથા સ્વયંસેવક દળ

આજરોજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ નૂતન મંદિરમાં સિંહાસન મધ્યે મુક્તમંડળ સહિત બિરાજમાન થયા હોઈ પ્રતિષ્ઠિત મૂર્તિઓ સમક્ષ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. રાત્રિના ૧૦ વાગ્યા સુધી ચાલેલ આ અન્નકૂટ દર્શનનો લાભ લેવા માટે ભૂજ શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારો દર્શનાર્થીઓ ઊમટી પડ્યા હતા. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી પૂ. નિર્ગુણસ્વામીની આગેવાની હેઠળ પૂ. નિર્માનસ્વામી, પૂ. ત્યાગસ્વામી, પૂ. સર્વસ્વસ્વામી, પૂ. વર્તનસ્વામી, પૂ. દયાનિધિસ્વામી, પૂ. ધર્મભૂષણસ્વામી તથા અન્ય સંતોના તેમજ પૂ. ત્યાગી મહિલામુક્તોનાં માર્ગદર્શન હેઠળ ૫૦૦થી વધુ પુરુષ-મહિલા સ્વયંસેવક મુક્તોએ દિન-રાત ખડે પગે ઊભા રહી સેવા કરીને રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓની સેવાવંદના ખૂબ સરાહનીય રહી. આમ, ભૂજ દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં ત્રણેય દિવસ દરમ્યાન પ્રત્યક્ષ ૩૫૦૦૦થી વધુ તેમજ ઑનલાઇન ૪૫૦૦૦થી વધુ મુમુક્ષુ હરિભક્તો દર્શન અને આશીર્વાદનો લાભ લઈ અવિસ્મરણીય સ્મૃતિ સાથે ધન્ય બન્યા હતા.

## ગુરુદેવ પ.પૂ. બાપજીનો

# ૯૩મો પ્રાગટ્યોત્સવ



જેમ એક શિલ્પી અણઘડ પથ્થરમાંથી સુંદર શિલ્પનું નિર્માણ કરે છે તેમ ગુરુદેવ પ.પૂ. બાપજીએ અનંત મુમુક્ષુ જીવોના ચારિત્ર્ય શિલ્પોનું નિર્માણ કર્યું છે. અણઘડ પથ્થરનું કોઈ મૂલ્ય નથી પણ ઘડતર પામેલાં શિલ્પો અતિ મૂલ્યવાન બની જાય છે. તેમ વિષય-વ્યસન-ફેશનના જાળામાં ફસાયેલા તેમજ પંચવિષય, દોષો અને વાસનાથી અનંત જન્મોથી ખદબદતા જીવાત્માને આ દિવ્યપુરુષે નિયમ-ધર્મમાં વર્તાવી ચોખ્ખા કરી તેઓના જીવનને સાદગી, પ્રામાણિકતા, નીતિમત્તા અને આધ્યાત્મિકતાના મૂલ્યોથી ભરી સુગંધિત કર્યા. જેની સુવાસ આજે પણ ચોમેર પ્રસરી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજીના ૯૩મા પ્રાગટ્ય દિને હજારો ભક્તો એમના ઋણાનુબંધમાંથી મુક્ત થવા, એમણે કરેલા અનંત ઉપકારોની સ્મૃતિને માનસપટલ પર ફરીથી જીવંત કરવા એકત્રિત થયા. આવો, ‘સાબરમતીના કાંઠે એક આદર્શ શિલ્પી’ થીમ અંતર્ગત તા. ૪-૩-૨૦૨૬ના રોજ રિવરફ્રન્ટ ખાતે યોજાયેલા આ ઉત્સવની કિંચિત્ પળોને અહેવાલ સ્વરૂપે માણી સુખિયા થઈએ.





### અનાદિમુક્ત પીઠિકા દર્શન

પ્રાગટ્યોત્સવ નિમિત્તે પ્રાતઃ સમયે સૌપ્રથમ વ્હાલા ગુરુજી સંત વૃંદ સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા માટે અનાદિમુક્ત પીઠિકા ખાતે પધાર્યા હતા. વ્હાલા ગુરુજીએ ગુરુદેવના ભાલમાં ચંદન ચર્ચી, હાર પહેરાવી પૂજન-અર્ચન કર્યું હતું. સાથે જ ગુરુદેવના ચરણે પ્રાર્થના કરી દંડવત-પ્રદક્ષિણાનો લાભ લઈ ગુરુવંદના અર્પી હતી.

### ફૂલદોલોત્સવ

ફાગણ વદ એકમ એટલે ધુળેટીનો દિવસ. આજના દિવસે જગતના જીવો માયિક રંગથી ધુળેટી રમે જ્યારે અનંત જીવોને મૂર્તિરંગથી રંગવા માટે જેઓનું પ્રાગટ્ય હતું એવા ગુરુદેવની સ્મૃતિઓને તાજી કરવા મધ્યાહ્ન સમયે વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં સ્વામિનારાયણ ધામ ખાતે ફૂલદોલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્હાલા ગુરુજીએ સૌપ્રથમ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજને રંગથી ભરેલી પિચકારી વડે રંગ્યા હતા. ત્યારબાદ સર્વે પૂ. સંતો, પાર્ષદમુક્તો, સાધકમુક્તો, ગુરુકુલ-છાત્રાલયના મુક્તો અને સમસ્ત સત્સંગ સમાજને ફૂલદોલોત્સવનો તેમજ દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ રિવરફ્રન્ટ પર પ્રોગ્રામ હોવાથી અમદાવાદ, ગાંધીનગર સિવાય તમામ ઝોનના હરિભક્તોનો પ્રવાહ સવારથી જ સ્વામિનારાયણ ધામ પર પીઠિકા દર્શન માટે ઊમટી પડ્યો હતો. તેઓ પણ ફૂલદોલોત્સવનો લાભ લઈ અવિસ્મરણીય સ્મૃતિઓનું ભાથું મેળવી બળને પામ્યા હતા.

### સંવાદ તથા ટેલિફિલ્મ

જેમના એક મરમાળા સ્મિતથી હજારો હરિભક્તોનાં દુઃખ દૂર થઈ જાય એવા ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવની શરૂઆત બે કિશોરમુક્તોના સંવાદના કાર્યક્રમથી થઈ. વડતાલના ૧૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજ જણાવે છે, 'જ્યારે જ્યારે આ જીવાત્માને આ પૃથ્વી પર મનુષ્યદેહ મળે છે ત્યારે ભગવાન કાં ભગવાનના એવા સાચા સંત તે જરૂર પૃથ્વીને વિષે વિચરણ કરતા હોય છે.' શ્રીજીમહારાજનું વચન ક્યારેય અફલિત બને એવું હોય જ નહીં. એવા સાચા સત્પુરુષ એટલે આપણને મળેલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી. આ સંવાદ દ્વારા મોટાપુરુષના અંતર્યામીપણું, વચનસિદ્ધિપણું, મહારાજનું કર્તાપણું, પંચવર્તમાનના આગ્રહી, નિર્માનીપણું તેમજ સમયપાલન, સ્મરણશક્તિ જેવા આધ્યાત્મિક તથા વ્યવહારિક ગુણોનું દર્શન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ 'એક પથ્થરની આત્મકથા', 'સંસ્કૃતિનો આકાર' અને 'માનવતાનો આકાર' વિષયક ટેલિફિલ્મો દ્વારા શિલ્પીની શિલ્પકળા અને ગુરુદેવ તથા ગુરુજીએ સર્જેલા આદર્શ શિલ્પોની









ઝાંખી કરાવવામાં આવી હતી.

**સંસ્કૃતિનો આકાર**

ગુરુદેવ પ.પૂ. બાપજીએ બાળ સમાજમાં બાળપણથી જ સંસ્કૃતિના જતન માટે એક અનેરી નેમ ઉપાડી છે. તેનું દર્શન 'સંસ્કૃતિનો આકાર' ટેલિફિલ્મ દ્વારા કરાવવામાં આવ્યું. સંસ્કાર લોહીમાં નથી આવતા; તેનું તો ઘડતર કરવું પડે છે. ગુરુદેવના સંકલ્પથી સંસ્થાની બાળસભાઓ દ્વારા અનેક બાળકોને સંસ્કારોથી ધબકતા કર્યા ને મહેકતા કર્યા છે. વિદેશની પશ્ચિમી સંસ્કૃતિમાં પણ ગુરુદેવે આ સંસ્કાર પુષ્પોની એવી સુવાસ ફેલાવી છે કે તેની મહેક વર્ષો સુધી પ્રસરાતી રહેશે. મંદિરો અને સાચા સંતો સંસ્કૃતિનું જતન કરવામાં મોખરાનું સ્થાન ધરાવે છે. વ્હાલા ગુરુજી પણ માતાપિતાને પગે લાગવું, ઘરમંદિરમાં કોઈ એક સેવા કરવી, વડીલોને માન-સન્માન જેવી અનેક બાબતો બાળસભા દ્વારા અનેક બાળકોને નાનપણથી જ શીખવી, સંસ્કૃતિને આકાર આપવાની તેમજ તેનું જતન કરવાની અનોખી સેવા નિભાવી રહ્યા છે.

**માનવતાનો આકાર**

માણસમાં માણસાઈ દીપે એવા સત્યતા અને પ્રામાણિકતાના આકારો પણ ગુરુદેવે અતિ સુંદર રીતે આપ્યા છે. ગુરુદેવ પ.પૂ. બાપજી યુવાનો તથા કિશોરોને હંમેશાં એક રીત શીખવતા કે, 'દાળ, ભાત, શાક, રોટલી દરરોજ જમતા હોય તો અઠવાડિયે એક વાર જમજો પણ અનીતિનું ક્યારેય ન લેતા.' ગુરુજી પણ એ જ વાત શીખવે છે. માનવ તો બની ગયા પણ માનવતા સાથે જીવવું બહુ અઘરું છે. અતિ વિકટ પરિસ્થિતિમાં પણ રસ્તે પડેલી વસ્તુને હાથ પણ ન અડાડવો એવા ઉચ્ચતમ માનવતાનાં મૂલ્યો સમાં શિલ્પો ગુરુદેવ અને ગુરુજીએ ઘડ્યાં છે. અને એવા શિલ્પોનું દર્શન થાય ત્યારે કરુણાસભર હૈયામાંથી એકમાત્ર શબ્દ નીકળે છે 'વાહ'! ગુરુદેવ પ.પૂ. બાપજીએ અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ લોહીનાં પાણી કરી, દેહ સામું જોયા વિના આવા માનવતા, નીતિમત્તા, પ્રામાણિકતા સમાન આદર્શ શિલ્પોનું નિર્માણ કરી સમાજની અને દેશહિતની સેવામાં અનેરું યોગદાન આપ્યું છે.

**પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન**

આજના પ્રસંગે ઉપસ્થિત સમસ્ત હરિભક્ત સમાજને દિવ્ય દર્શન આપવા હેતુ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રતિમા સ્વરૂપે સ્પૉટ પર બિરાજમાન થયા હતા. વ્હાલા ગુરુજી સંત વૃંદ સાથે ચાલતાં ચાલતાં સૌ મુક્તોને દિવ્ય દર્શન આપતા થકા સ્ટેજ તરફ પધારી રહ્યા હતા. સ્ટેજ પરથી કિશોરો 'સવારી શ્રીહરિ કી આઈ' કીર્તન દ્વારા નૃત્ય કરી મહારાજ, ગુરુદેવ તથા ગુરુજીનાં વધામણાં કરી રહ્યા હતા. સભામંડપમાં ઉપસ્થિત તમામ હરિભક્તોએ આ સમે પોતાના હસ્તમાં રહેલી વિજયપતાકાઓને લહેરાવી આ દિવ્ય આગમનને વધાવી લીધું હતું. સ્ટેજ ઉપર પધાર્યા બાદ મહારાજને દંડવત કરી વ્હાલા ગુરુજીએ નીચા નમી દાસભાવે સર્વે સભાજનોને 'જય સ્વામિનારાયણ' પાઠવ્યા ત્યારે સભામંડપ તાળીઓના નાદ તથા જયઘોષ સાથે ગુંજી ઊઠ્યો હતો.

**ગુરુપૂજન**

પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે મુખ્ય સભા મંચ પર પધાર્યા બાદ વ્હાલા ગુરુજીએ સમસ્ત સત્સંગ સમાજ વતી દિવ્યભાવે સહિત હરિકૃષ્ણ મહારાજ તેમજ ગુરુદેવ પ.પૂ. બાપજીને ચંદન અર્ચન કરી વિશિષ્ટ ફૂલહાર વડે પૂજન કર્યા બાદ ગુરુદેવના ચરણસ્પર્શ કરી દર્શન કર્યાં હતાં. ત્યારબાદ સંસ્થાના પૂ. મોટેરા સંતોએ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ.



વાણી, વિચાર અને વર્તનની ઐક્યતાનું સ્વરૂપ એટલે ગુરુદેવ.





સ્વામીશ્રીનું વિશિષ્ટ હારથી પૂજન કર્યું હતું. તદુપરાંત આમંત્રિત રાજકીય મહાનુભાવો તેમજ સંસ્થાના મોટેરા હરિભક્તો દ્વારા ગુરુદેવ તથા ગુરુજીનું વિશિષ્ટ હાર વડે પૂજન કરવામાં આવ્યું હતું. પૂજન વિધિ બાદ વ્હાલા ગુરુજીએ આમંત્રિત મુક્તોને નિકટ બોલાવી મસ્તકે હસ્ત મૂકી રાજીપાદર્શનનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.


### સંત પ્રવચન

સંત પ્રવચન દરમ્યાન પૂ. ધર્મસ્વામીએ લાભ આપતાં જણાવ્યું હતું કે, "૮૫ વર્ષના એક વ્યક્તિથી શરૂ થયેલો સત્સંગ આજે હજારો હરિભક્તોની જનમેદનીમાં ફેરવાયો છે તેનું કારણ ગુરુદેવ અને ગુરુજીએ વેઠેલાં અપાર કષ્ટો છે. આ બંને પુરુષોએ એક એક હરિભક્તની પાછળ એટલો સમય આપ્યો છે ત્યારે આવા દિવ્ય સમાજનું ઘડતર થયું છે. હરિભક્ત સમાજનું વ્યવહારિક ઘડતર તો કર્યું જ છે પરંતુ સાથે સાથે આધ્યાત્મિક મૂલ્યો પણ એટલા જ શિખવાડ્યાં છે. ગમે તેવી પરિસ્થિતિ હોય પણ આધ્યાત્મિક ઊંચાઈથી જ દરેક પરિસ્થિતિમાં બૅલેન્સ કરવાની ક્ષમતા આ બંને પુરુષોએ આપણા જીવનમાં કંડારી છે જેના આપણે સૌ કોઈ સાક્ષી છીએ."

### ક્ષમાયાચના તથા હૅપી ફૅમિલિ પ્રૉજેક્ટ


વિજ્ઞાન એવું કહે છે કે બ્રહ્માંડમાં બે તારાઓ વચ્ચે લાખો માઈલનું અંતર હોય છે. પરંતુ વિડંબના તો જુઓ, આજે એનાથી પણ વધુ અંતર એક જ સોફા પર સાથે બેઠેલા બે વ્યક્તિઓનાં મન વચ્ચે જોવા મળે છે. જ્યારે સમગ્ર વિશ્વ આવી પારિવારિક વિષમતાઓ સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સંકલ્પ અને આશીર્વાદથી 'હૅપી ફૅમિલિ પ્રૉજેક્ટ' શરૂ કરવામાં આવ્યો છે. ગુરુદેવે અંતિમ ભલામણમાં જણાવ્યું હતું કે, 'સૌ સંપીને રહેજો. સૌ આત્મીયતા રાખજો.' એ ન્યાયે દેશ-વિદેશના સત્સંગ સમાજને વ્હાલા ગુરુજીએ હૅપી ફૅમિલિ પ્રૉજેક્ટનો સંકલ્પ આપેલો. છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન વ્હાલા ગુરુજી દ્વારા ૧૭૦થી પણ વધુ હૅપી ફૅમિલિ સભા દ્વારા દેશ-વિદેશના સાડા ત્રણ લાખથી પણ વધુ હરિભક્તોને એકલા કે સમૂહમાં બેસાડી આ અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું.

મહારાજને તથા ગુરુજીને રાજી કરવા માટે એસ.એમ.વી.એસ. સમાજે આ સંકલ્પને અધ્ધરથી ઝીલ્યો અને અનેક પરિવારોમાં ખુશહાલીનું નિર્માણ થયું.













આત્મીયતાનું સર્જન થયું. વળી, જ્ઞાનસત્ર-૧૯માં વ્હાલા ગુરુજી દ્વારા તમામ પરિવારોમાં ક્ષમાયાચના દિન ઊજવવાની આજ્ઞા કરવામાં આવી. ગુરુદેવ પ્રાગટ્યોત્સવ પર્વ સુધીમાં ૨૩૦૦૦ કરતાં વધુ પરિવારોએ હૅપી ફૅમિલિ દરમ્યાન આ દિનની ઉજવણી કરી. આ તમામ પરિવારોની દિવ્ય કૃતિ સમાન પુષ્પગુચ્છ વ્હાલા ગુરુજી દ્વારા ગુરુદેવના ચરણે ભેટ ધરવામાં આવ્યું. આગામી શ્રીહરિ સંકલ્પ મહોત્સવ સુધીમાં વ્હાલા ગુરુજી દ્વારા સમસ્ત સત્સંગ સમાજમાંથી એક લાખ પરિવારોમાં આત્મીયતાનું સર્જન કરવાનો દિવ્ય સંકલ્પ વહેતો મૂકવામાં આવ્યો હતો. જેને સૌ હરિભક્તોએ તાળીઓના નાદથી વધાવી લીધો હતો.

**સ્વામિનારાયણ ધામ ભવ્ય શિખરબદ્ધ મંદિર એવમ્ અનાદિમુક્ત પીઠિકા શિલાન્યાસ એવમ્ અનાદિમુક્ત વિશ્વમ્ સંકુલ ઉદ્‌ઘાટન તારીખ અનાવરણ**


મંદિરો તો સંસ્કૃતિની ધરોહર છે. મંદિરો દ્વારા જ સંસ્કૃતિ યાવદ્‌ચંદ્રદિવાકરૌ ચિરંતન રહેશે. ગુરુદેવનો સંકલ્પ હતો કે સ્વામિનારાયણ ધામની ભૂમિ પર ભવ્ય શિખરબદ્ધ મંદિરનું નિર્માણ થાય અને ગુરુદેવ અંતર્ધાન લીલા સમયે વ્હાલા ગુરુજીએ સંકલ્પ વહાવેલો કે અહીં અનાદિમુક્ત પીઠિકાનું નિર્માણ થાય. આ બંને સંકલ્પોના શિલાન્યાસ સમારોહની તેમજ અનાદિમુક્ત વિશ્વમ્ પ્રથમ સંકુલના ઉદ્‌ઘાટન સમારોહની તારીખ ગુજરાત રાજ્યના લોકલાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે જાહેર કરવામાં આવી. આગામી ડિસેમ્બર, ૨૦૨૬માં આવી રહેલ શ્રીહરિ સંકલ્પ મહોત્સવના પ્રથમ દિને કહેતાં તા. ૨૧-૧૨-૨૦૨૬ના રોજ અનાદિમુક્ત વિશ્વમ્‌ના પ્રથમ સંકુલનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. તેમજ તૃતીય દિને કહેતાં તા. ૨૩-૧૨-૨૦૨૬ના રોજ સ્વામિનારાયણ ધામ ભવ્ય શિખરબદ્ધ મંદિર તથા અનાદિમુક્ત પીઠિકાનો શિલાન્યાસ સમારોહ ઊજવાશે. આજરોજ **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલને ૭ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં હોઈ આ અવસરને પણ તાળીઓના નાદથી વધાવી લેવામાં આવ્યો હતો.

**માનનીય મુખ્યમંત્રીશ્રીનું ઉદ્‌બોધન**

સરળ, સહજ અને મૃદુ સ્વભાવી ગુજરાત રાજ્યના લોકલાડીલા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ આજના પ્રસંગે સંસ્થાને પોતાની માની, સંસ્થાના આમંત્રણને માન આપી ખાસ હાજર રહ્યા હતા. સંસ્થાના પ્રભારી સંત પૂ.





નિર્ગુણસ્વામી દ્વારા તેઓનું કુમકુમ અર્ચન, હાર પહેરાવી તથા શાલ ઓઢાડીને વિશેષ ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું. આજના આ દિવ્ય પ્રસંગે તેઓએ પોતાના ઉદ્‌બોધન દરમ્યાન જણાવ્યું હતું કે, "આપ સૌને એકતા, પ્રેમ અને સમરસતાના પર્વ ધુળેટીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ધુળેટીનું પર્વ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે ગાઢ રીતે વણાયેલું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય ચેતનાને તેઓના પ્રાગટ્ય દિને વંદન કરું છું. સંત, શાસ્ત્રો અને મંદિર ભારતીય સંસ્કૃતિના મુખ્ય આધારસ્તંભો છે. એસ.એમ.વી.એસ. સંસ્થા આ આધારસ્તંભને વધુ મજબૂત કરનારી એક સંસ્થા છે. શિક્ષણ, સેવા અને સંસ્કારની ત્રિવેણી સરિતા ઘણા વર્ષોથી આ સંસ્થા વહાવી રહી છે. એસ.એમ.વી.એસ.ના સંતો, કાર્યકરો ભૂકંપ, પૂર, વાવાઝોડું, કોરોના મહામારી જેવી આફતો વચ્ચે પણ સેવામાં હંમેશાં ખડે પગે રહે છે. એસ.એમ.વી.એસ. સંસ્થા વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણમાં પોતાનું યોગદાન આપતી રહે તેવી ગુરુદેવના ચરણોમાં પ્રાર્થના." મુખ્યમંત્રીશ્રીએ ઉદ્‌બોધન બાદ વ્હાલા ગુરુજીના હસ્તે સ્મૃતિભેટ પ્રાપ્ત કરી, દર્શન-આશીર્વાદ લઈ પ્રોગ્રામમાંથી વિદાય લીધી હતી.

### વ્હાલા ગુરુજીની દિવ્યવાણી

આજના પ્રસંગે વ્હાલા ગુરુજીએ કથાવાર્તાનો લાભ આપતાં જણાવ્યું હતું કે, "આજે આપણા સૌના હૈયામાં વિશેષ આનંદ એનો છે કે આ ભૂમિ પર, આ બ્રહ્માંડમાં ભગવાન સ્વામિનારાયણ અને જીવનપ્રાણ બાપાશ્રીના સંકલ્પથી એક દિવ્ય ક્રાંતિકારી સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીનું પ્રાગટ્ય થયું. આજે આપણે સૌ એ ગુરુદેવનો પ્રાગટ્ય દિન ઊજવી રહ્યા છીએ. એ દિવ્યપુરુષની ઓળખાણ એ રીતે અલગ પડી જાય છે કે તેઓએ માત્ર સંખ્યા, પ્રસિદ્ધિ કે બાહ્ય ઉદ્‌ઘોષ, બહારની વાહ વાહ, મોટી ઈમારતો, પદ, પ્રતિષ્ઠા, પૈસો, પ્રસિદ્ધિ એને ક્યારેય મહત્ત્વ નથી આપ્યું. માત્ર ને માત્ર ક્વૉલિટીવાળો સમાજ કઈ રીતે તૈયાર થાય ? તે જ દિશામાં વિચાર્યું છે. એક પથ્થરને ઘડવો તો સહેલો છે કારણ કે તે જડ છે પણ અનાદિકાળથી માયા વેષ્ટિત થયેલો ચૈતન્ય કે જેમાં કામ, ક્રોધ, લોભ, માનરૂપી અંતઃશત્રુ અને દેહભાવનાં લેયર લાગ્યાં છે અને એવા ગંદા જીવાત્માને આકાર આપીને એવો ઘડ્યો કે શ્રીજીમહારાજ તેને પુરુષોત્તમરૂપ કરીને મૂર્તિમાં રાખે. ઘડતર સમૂહમાં ન થાય, વ્યક્તિગત જ થાય અને એ પરિણામે આજે આપણા સૌનાં જીવન ઊજળાં છે. ક્યારેય એમનું ઋણ ભુલાવું ન જોઈએ." વ્હાલા ગુરુજીએ વિશેષ લાભ આપતાં જણાવ્યું હતું કે, ગુરુદેવે સમાજનું કેવી નાની નાની બાબતોમાં રસ લઈ ઘડતર કર્યું છે. તેમજ ગુરુજીએ ગુરુદેવે એમનું કેવું ઘડતર કર્યું તેના પ્રસંગો દાસભાવે જણાવી ગુરુદેવનું મહિમાગાન કરી સૌને ઘડાવા માટે ગરજુ બનવાની પ્રેરણા આપી હતી. આજના પ્રસંગે વ્હાલા ગુરુજીના મુખેથી રજૂ થયેલ એક કવિની મનનીય પંક્તિને માણીએ.

"ઘડનારા તૈયાર છે, ઘડવાની તક આપીએ;
ગમે તેવું કહી શકે, એવો વખત સ્થાપીએ.
ગુરુ તણી રોકટોકને, ગળી કરી ગમાડીએ;
ઔષધ સમ કડવા વેણે, મોઢું નવ બગાડીએ.
હર વચન હર ક્રિયા, ગુરુની શુભ માનીએ;
હિતકારી ને સુખકારી છે, નિઃસંશય થઈ સ્વીકારીએ.
ઘડવૈયાને ઘડવા દઈએ, છૂટો દોર આપીએ;
પથ્થર સમ મનગમતું મૂકી, મૂર્તિ આકાર પામીએ."

### ગુરુદેવના દિવ્ય આશીર્વાદ

પ્રાગટ્યોત્સવ પર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, "સ્વામિનારાયણ ભગવાને પોતાના

આશ્રિતોને આશીર્વાદ આપ્યા છે કે જેને મહારાજની સર્વોપરી નિષ્ઠા હોય, જે મહારાજને રાજી કરવા નિયમનું પાલન કરે છે તેની આ લોકની ને પરલોકની જવાબદારી અમારી. મહારાજને પ્રાર્થના કરીએ કે, હે મહારાજ, આ બધો કારણ સત્સંગનો સમાજ તમારો છે. અનંતકોટિ બ્રહ્માંડમાં ધાર્યું બધું તમારું થાય છે. અમે આપના સેવક છીએ. કરોડોનાં દાન કરે, ગમે તેટલાં સાધન કરે તોપણ સ્વામિનારાયણ ભગવાનનો ભેટો થાય તેમ નથી. આપણા પર થયેલી એમની અનહદ કૃપા છે. કોઈ દેશમાં રહેતા હોય, પરદેશમાં રહેતા હોય, કોઈ આજના પ્રસંગે આવી શક્યા ન હોય તેમને આજના પ્રસંગે ભેળા રાખજો અને બધાયને ઠેઠ મહાપથારી સુધી બધી રીતે ખૂબ સાચવજો. આપની મૂર્તિના સુખભોક્તા કરી અનાદિમુક્તની સ્થિતિ કરાવજો એવી મહારાજના ચરણે ખૂબ ખૂબ પ્રાર્થના.''

### આમંત્રિત મહાનુભાવો

ગુરુદેવ પ.પૂ. બાપજીના પ્રાગટ્યોત્સવે સંસ્થાના આમંત્રણને માન આપીને માનનીય મુખ્યમંત્રીશ્રીની સાથે ઘણા રાજકીય ક્ષેત્રના તેમજ કોર્પોરેટ જગતના નામાંકિત મહાનુભાવોએ હાજરી આપી હતી. જેમાં શ્રી હસમુખભાઈ પટેલ (માનનીય સંસદ સભ્ય શ્રી - અમદાવાદ પશ્ચિમ), શ્રી જતીનભાઈ પટેલ (માનનીય ડેપ્યુટી મેયરશ્રી - અમદાવાદ), શ્રી દેવાંગભાઈ દાણી (સ્ટેન્ડિંગ કમિટી ચૅરમૅન), શ્રી અમિતભાઈ શાહ (માનનીય ધારાસભ્યશ્રી - એલિસબ્રિજ), શ્રી પ્રકાશભાઈ વરમોરા (માનનીય ધારાસભ્યશ્રી - ધ્રાંગધ્રા) તેમજ મહિલા વિભાગમાં શ્રીમતી પ્રતિભાબેન જૈન (અમદાવાદ શહેરના મેયર), શ્રીમતી કંચનબેન રાદડિયા (માનનીય ધારાસભ્ય શ્રી - ઠક્કરબાપાનગર) આ સૌએ દિવ્ય દર્શન-આશીર્વાદ-પૂજનનો લાભ લઈ તેમજ પ્રસાદ પામી ધન્યતા અનુભવી હતી.

### સમૂહઆરતી

આજરોજ પ્રોગ્રામના અંતિમ ચરણમાં સમૂહઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યજમાન મુક્તોએ સ્ટેજ પરથી તેમજ સમસ્ત સત્સંગ સમાજે એકસાથે સમૂહઆરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ફાગણ વદ એકમના ચંદ્રની શીતળ સંધ્યાએ સાબરમતીના કિનારે સમૂહઆરતી સમયે થયેલ આતશબાજીનું દૃશ્ય મન મોહી લેનારું હતું.

### નૂતન પ્રકાશન

આજરોજ સ્વામિનારાયણ મહામંત્રની નૂતન ધૂન્ય દ્વારા ઘનશ્યામ મહારાજની ઍનિમેટેડ મૂર્તિનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. અણિયાળાં નેત્ર, મંદ મંદ હાસ્ય, દંત દાડમ કળી સમા, ગાલમાં પડતા સુંદર ખાડા સાથે ચટકંતી ચાલમાં મહારાજનાં દર્શન કરતાં જ સૌ કોઈની નજર સ્થિર થવા પામી હતી. ઘનશ્યામ મહાપ્રભુની નયનરમ્ય, મનોરમ્ય મૂર્તિ સૌને આકર્ષિત કરી રહી હોય તેમ સૌને અનુભવાતું હતું.


વળી, આજરોજ નૂતન પુસ્તક 'સ્વામિનારાયણ ભગવાનનાં અલૌકિક ચરિત્ર : ભાગ-૧'નું વ્હાલા ગુરુજીના દિવ્ય હસ્તે પ્રકાશન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીહરિની સર્વોપરીતા, ભક્તવત્સલતા અને મહાપ્રભુના પરભાવી સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. શ્રીહરિના દિવ્ય ચરિત્રોનો દિવ્ય અનુભવ રસપ્રદ, આકર્ષક અને સંવાદાત્મક શૈલીમાં રજૂ કરવામાં આવેલ છે. ઉપસ્થિત જનમેદનીએ આ બંને પ્રકાશનોને તાળીઓના નાદ સાથે વધાવી લીધાં હતાં.

### બ્લડ ડોનેશન કૅમ્પ

ગુરુદેવના પ્રાગટ્ય પર્વે જન સમાજની સ્વાસ્થ્ય ક્ષેત્રે સેવા કરવાના ઉમદા હેતુથી સંસ્થા દ્વારા બ્લડ ડોનેશન કૅમ્પનું સ્વામિનારાયણ ધામ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કૅમ્પમાં ૧૭૫થી વધારે પૂ. સંતો, સાધકો તથા સત્સંગી હરિભક્તોએ રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે વ્હાલા ગુરુજીએ આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, ''આ પ્રાગટ્યોત્સવ પર્વે જે બ્લડ એકત્રિત કરવામાં આવ્યું છે તે જેને જેને આપવામાં આવશે તે સર્વે આ જન્મે કારણ સત્સંગી થઈ મૂર્તિસુખના ભોક્તા બને તેવી પ્રાર્થના.''

### સેવા-સમર્પણગાથા

આમ, આ એક-દિવસીય પ્રાગટ્યોત્સવ સેવા અને સમર્પણનો હતો. જેમાં આબાલવૃદ્ધ સ્ત્રી-પુરુષ સૌ કોઈ ભેગા મળીને કુલ ૪૦૦૦થી પણ વધુ સ્વયંસેવકો આ સેવાયજ્ઞમાં મહાત્મ્ય આકારે જોડાયાં હતાં. તમામ વિભાગોના સ્વયંસેવકોએ ઉત્સાહપૂર્વક સેવા કરી આ સમગ્ર પ્રોગ્રામને દીપાવ્યો હતો. બહારગામના સ્વયંસેવકો દૂરથી આવ્યા હોઈ પ્રોગ્રામના અંતે તમામ જવાબદારી અમદાવાદ ઝોનના સ્વયંસેવકોએ ખભેખભા મિલાવીને ઉપાડી લીધી હતી. પૂ. સંતોને નિશ્ચિંતપણું અપાવી રાજીપાના પાત્ર બન્યા હતા. આમ, આ પ્રાગટ્યોત્સવ પર્વે પ્રત્યક્ષ ૨૪૫૮૮થી વધુ તથા ઑનલાઇન GTPL/Other YT/**SMVS** કથા ચૅનલ, દિવ્ય ભાસ્કર આદિક વિધ વિધ પ્લૅટફૉર્મ પરથી ૧ લાખથી વધુ લોકો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા.






SMVS







# પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું ઓસ્ટ્રેલિયા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે સમગ્ર ભારતવર્ષમાં ખૂણે ખૂણે વિચરણ કરીને અનંતકોટિ બ્રહ્માંડના સર્વે જીવોને પોતાના સર્વોપરી સ્વરૂપની પ્રાપ્તિ કરાવવા અને પોતાની મૂર્તિના સુખભોક્તા કરવા અપાર કષ્ટો સહન કર્યાં. આપણા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ પણ મહારાજના સ્વરૂપને યથાર્થ રીતે ઓળખાવવા માટે ખૂબ વિચરણ કર્યું. અને એ જ દાખડાની પરંપરા સર્વે સદ્‌ગુરુ સંતોએ ચલાવી અને આજે વ્હાલા ગુરુજી પણ અતિ આગ્રહથી ચલાવી રહ્યા છે. એ ન્યાયે તા. ૨-૪-૨૦૨૬થી તા. ૧૧-૪-૨૦૨૬ દરમ્યાન પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું ઓસ્ટ્રેલિયા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ યોજાયું હતું. આવો, આ દિવ્ય સત્સંગ વિચરણને અહેવાલ સ્વરૂપે માણીએ.

તા. ૨-૪-૨૦૨૬ ને રાત્રિ સમયે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીએ સંત મંડળે સહિત એરપોર્ટ પર જવા માટે પ્રસ્થાન કર્યું. વ્હાલા ગુરુજી સાથે પૂ. સંતોમાં પૂ. સુખસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી, પૂ. કરુણામૂર્તિસ્વામી અને હરિભક્તોમાં પ.ભ. શ્રી જિગરભાઈ પટેલને વિચરણનો લાભ મળ્યો હતો. તા. ૪ એપ્રિલથી ૭ એપ્રિલ એમ ચાર દિવસ બ્રિસ્બેન ખાતે તથા તા. ૮ એપ્રિલથી ૧૦ એપ્રિલ એમ ત્રણ દિવસ એડિલેઈડ ખાતે વ્હાલા ગુરુજીના દિવ્ય સત્સંગ વિચરણનું આયોજન ગોઠવાયું હતું.

વ્હાલા ગુરુજી ઑસ્ટ્રેલિયા વિચરણમાં પધારી રહ્યા હતા તેના એક દિવસ પહેલાં એક પ્રસંગ બન્યો. આફ્રિકા ખાતે ચાર સંતોના મંડળનું સત્સંગ વિચરણ ચાલી રહ્યું હતું. આ દરમ્યાન એક સંતને પથરીનો અસહ્ય દુખાવો ઊપડ્યો. વ્હાલા ગુરુજીને આ અંગે સમાચાર મળતાં જ કૉલ કરીને ખબરઅંતર પૂછ્યા. પરંતુ પરિસ્થિતિ વધુ બગડતાં વ્હાલા ગુરુજીએ વિચરણ અટકાવીને તાત્કાલિક ઈન્ડિયા આવી જઈ સારવાર ચાલુ કરવા અંગે રુચિ જણાવી. વ્હાલા ગુરુજી ઑસ્ટ્રેલિયા ખાતે સત્સંગ વિચરણમાં જવા હેતુ ફ્લાઈટમાં બિરાજી રહ્યા હતા. અને તે સંત ઈન્ડિયા રિટર્ન આવી રહ્યા હતા. સંજોગોવશાત્ મળી શકાય તેમ

ન હતું. પરંતુ હૉલ્ટ દરમ્યાન વ્યવસ્થાપક સંતોને વાત કરી કે સંતને કાંઈ જ તકલીફ ન પડે તે માટે બધી વ્યવસ્થા કરાવી દીધી. સંતોના નિયમ મુજબ સંતો ફ્લાઇટમાં બેસે એટલે તે દિવસે ઉપવાસ પડી જાય. વ્હાલા ગુરુજીએ તે સંતને જણાવ્યું, ‘‘સ્વામી, આપની તબિયત અત્યારે નાદુરસ્ત છે. માટે આપ અત્યારે ઉપવાસ નહિ કરો તો ચાલશે. પરંતુ આપને ઠીક થઈ જાય પછી અનુકૂળતાએ ઉપવાસ કરી લેજો.’’ આહાહા... કેવું માતૃવાત્સલ્ય અને છતાં નિયમ-ધર્મમાં વર્તાવવાનો પણ કેવો આગ્રહ ! આવો અદ્ભુત સમન્વય તો આવા દિવ્યપુરુષમાં જ દર્શિત થાય. જ્યાં સુધી તે સંતને ઠીક ન થયું ત્યાં સુધી વારે વારે કાળજી લઈ ગુરુજીએ માતૃવાત્સલ્યનાં દર્શન કરાવ્યાં. ગુરુજી આધ્યાત્મિક મા તો છે જ સાથે સાથે આ લોકની મા કરતાં પણ કોટિગણું હેત પોતાના સંતોને આપે છે. તેમની નાનામાં નાની દરેક પ્રકારની ચિંતા રાખે છે. એટલે જ તો સંતોના મુખમાંથી આ વાત્સલ્યના અનુભવના ઉદ્ગારો નીકળ્યા છે :

‘‘કોટિ જનનીનાં હેત લાજે, મળ્યો પ્યાર અપાર.’’

આ વર્ષે વ્હાલા ગુરુજીનું ઑસ્ટ્રેલિયા ખાતે ટૂંકા ગાળાના વિચરણનું આયોજન ગોઠવાયું હોવાથી હરિભક્તોને એરપોર્ટ પર આવવાની તકલીફ ન પડે તેવા હેતુથી આ વિચરણની જાહેરાત ન કરીએ તો સારું તેવી વ્હાલા ગુરુજીએ રુચિ જણાવી હતી. પરંતુ જે હરિભક્તોનાં સગાંસંબંધી ઑસ્ટ્રેલિયા રહેતા હોય અને તેમના ઘરે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીની પધરામણી કરાવવી હોય અથવા દર્શન-સમાગમ માટે આમંત્રણ મોકલાવી શકાય તે અંગેની જ જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ અમદાવાદ એરપોર્ટ પર વ્હાલા ગુરુજીનું આગમન થયું તો ત્યાં પહેલેથી જ હરિભક્તો મોટી સંખ્યામાં આવી ચૂક્યા હતા.

વ્હાલા ગુરુજીએ સાથે રહેલા સેવક સંતને સહેજ નારાજગીના ભાવ જણાવ્યા. સેવક સંતે કહ્યું, ‘‘આપની રુચિ મુજબ કોઈને જાણ નથી કરી પરંતુ છતાંય સૌ મુક્તો પધારી ગયા છે. રાજી રહેજો. ક્ષમા કરજો.’’ અને માતૃવત્સલ ગુરુજીએ કરુણાર્દ્ર થઈ ઉપસ્થિત હરિભક્તોને દર્શન આપવાનાં શરૂ કર્યાં. આવો, જરા વિચાર કરીએ કે આ લોકની કોઈ વ્યક્તિ હોય અને તેમને આટલી ભીડ લેવા તથા મૂકવા આવે તો કેટલું ગળ્યું લાગે ! એ સ્થાને વ્હાલા ગુરુજીને નિહાળીએ તો આટલા હરિભક્તો આવ્યા હોવા છતાં નારાજગી દર્શાવી. આ જ લક્ષણ મોટાપુરુષની વ્યાખ્યાને અલગ રીતે વ્યાખ્યાયિત કરે છે. હારતોરા, માન-સન્માન, ઝાઝા માણસો કોને ન ગમે ? સૌને ગમે. આ જ આ દિવ્યપુરુષની-ગુરુજીની પરભાવિતા. આ જ એમની પારલૌકિકતા. ધન્ય હો... ધન્ય હો... ગુરુવરને ! આવા સત્પુરુષ ! કોઈને નહિ ને અમને મળ્યા ! ન્યાલ કરી દીધા મહારાજ ! આપે તો ફદલમાં ફવડાવી દીધા.

એરપોર્ટ પર અંદર જતા સમયે અત્યંત ભીડની વચ્ચે ઘાટલોડિયા સેન્ટરના ડૉ. પાર્થભાઈ પટેલના મુક્તરાજ દિવ્યમ્ મહારાજ હાથમાં એક કાગળ લઈ ઊભા હતા. ગુરુજી નિકટ પધાર્યા એટલે તરત એમણે હાથ ઊંચો કર્યો. જાણે ગુરુજીને કંઈક બતાવવા માગતા હોય. આટલી ભીડની વચ્ચે પણ ગુરુજી એક નાના બાળકની લાગણીને ચૂક્યા નહીં. ગુરુજી તરત જ ઊભા રહી ગયા અને પૂછ્યું, ‘‘મુક્તરાજ, કાગળમાં શું છે ?’’ બાળમુક્તે કહ્યું, ‘‘પેઇન્ટિંગ.’’ અત્યંત કુતૂહલવશ થઈ વ્હાલા ગુરુજી બાળમુક્તના પેઇન્ટિંગને હસ્તમાં લઈ તેમના દ્વારા બનાવાયેલ ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન કરવા લાગ્યા. અને તેમની આ કૃતિ પર રાજીપો વરસાવ્યો. અરે ! એટલું જ નહિ, વ્હાલા ગુરુજીએ પેન દ્વારા આ પેઇન્ટિંગ પર ‘વાહ મહારાજ વાહ !’ એવું લખી આપ્યું. આ સાથે જ બાળમુક્ત દિવ્યમ્‌ના ચહેરા પર સ્મિત રેલાયું. આટલા હરિભક્તોની ઉપસ્થિતિ વચ્ચે પણ એક નાનકડા બાળમુક્તની ઇચ્છા પૂર્ણ કરીને બાળસહજ ગુરુજીએ એક અલૌકિક રીતનાં દર્શન કરાવ્યાં. ઘણી વાર માતાપિતા પણ આઠ-દસ કામોની વચ્ચે









ક્યારેક બાળકને ન્યાય આપવાનું ભૂલી જતા હોય તેની સામે વ્હાલા ગુરુજીની અન્યના સ્થાને બેસવાની અલૌકિક રીત આપણને ઘણુંબધું શીખવી જાય છે.

ઑસ્ટ્રેલિયા ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે વ્હાલા ગુરુજીનું આગમન થતાં જ હરિભક્તોનાં હૈયાં થનગની ઊઠ્યાં હતાં. ઉપસ્થિત હરિભક્તોએ પુષ્પહાર અર્પણ કરી હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના આગમનને વધાવી લીધું હતું. ઘણા સમય પછી વ્હાલા ગુરુજીનું સાંનિધ્ય મળતાં હરિભક્તોની આંખો હર્ષાશ્રુથી ભીની થઈ હતી. અહીં સૌપ્રથમ બ્રિસ્બેન ખાતે વ્હાલા ગુરુજીના સાંનિધ્યમાં ચાર-દિવસીય શિબિરનું આયોજન ગોઠવાયું હતું. જેનો લાભ લેવા માટે આબાલવૃદ્ધ સૌ કોઈ ઊમટી પડ્યા હતા.

બ્રિસ્બેન ખાતે ઘરના હરિભક્ત નિમિષભાઈ પાઠકને હરિકૃષ્ણ મહારાજ તેમજ વ્હાલા ગુરુજીના ઉતારાની સેવાનો લાભ મળ્યો હતો. માટે રાત્રે એરપોર્ટ પરથી વ્હાલા ગુરુજી સંતો સહિત તેમના ઘરે પધાર્યા. સંતોના નિયમ મુજબ ફ્લાઇટમાં બેસવાથી સંતોને ઉપવાસ પડે. આગલા દિવસનો ઉપવાસ હોવાથી બીજા દિવસે વ્હાલા ગુરુજી તેમજ પૂ. સંતોને પારણાં કરવાનાં હતાં. તા. ૪-૪-૨૦૨૬ના રોજ સવારથી જ શિબિર ચાલુ થવાની હતી. તેથી ગુરુજીએ દૈનિક નિત્યક્રમ પતાવ્યા બાદ સાથે રહેલા સેવક સંતને પૂછ્યું, ‘‘સ્વામી, આપણે શિબિર સ્થળ પર કેવી રીતે જવાનું છે ? શું વ્યવસ્થા છે ?’’ સેવક સંતે જણાવ્યું, ‘‘ગુરુજી, રાજી રહેજો. નિમિષભાઈ પોતે જ આપણને શિબિર સ્થળ પર મૂકવા આવવાના છે.’’ કથાવાર્તાના આગ્રહી એવા ગુરુજીએ પ્રત્યુત્તર આપતાં કહ્યું, ‘‘આપણે શિબિર સ્થળ પર જઈશું તો ત્યાં પહોંચતાં જ કથાવાર્તા ચાલુ થઈ જશે. અને એ દરમ્યાન નિમિષભાઈ અલ્પાહાર કરવા જશે તો એમનો કથાવાર્તાનો લાભ જશે. માટે નિમિષભાઈને ઠાકોરજીના થાળમાં જે ધરાવ્યું છે તેમાંથી અલ્પાહાર કરાવી દો. એમને પૂરેપૂરો લાભ મળે તે ચિંતા આપણે રાખવાની છે.’’

કથાવાર્તા તો જીવાત્માનો ખોરાક છે એવું ગુરુજી ઘણી વખત જણાવતા હોય છે. નિકટમાં આવનાર હરિભક્તની આધ્યાત્મિક ઊંચાઈ કેમ વધે ? તે માટે ગુરુજી હંમેશાં કટિબદ્ધ હોય. ‘કથાવાર્તાનો લાભ લેવામાં કાપ ન આવે તે બાબતે પોતાની ચિંતા રાખી તેમજ સંતોના હસ્તે ઠાકોરજીના થાળની પ્રસાદીનો લાભ મળ્યો’ એ બેવડા આનંદથી નિમિષભાઈને મન આનંદના ઓઘ ઊતર્યા. મોટાપુરુષ એટલે કોણ ? હાલતું-ચાલતું મહારાજની રુચિ, અરુચિ અને મરજીને શીખવતું મરજી શાસ્ત્ર. મોટાપુરુષની સાથે રહેવાનો લાભ મળે ત્યારે મોટાના જીવનને નજીકથી નિહાળવું, વાંચવું અને તેમાંથી કંઈક શીખીને દર્શન કર્યા કરવાં તો ભર્યા ભર્યા થઈ જવાય. જોગમાં આવનાર મુમુક્ષુને મહારાજની આજ્ઞા બહાર વર્તવા જ ન દે. સતત









જાણપણું અપાવીને પણ રાજીપામાં વર્તાવે તે જ મોટાપુરુષ.

બ્રિસ્બેન ખાતે વ્હાલા ગુરુજીના આગમન પૂર્વે પૂ. પૂર્ણસ્વામી, પૂ. હરિવદનસ્વામી તથા પૂ. વંદનસ્વામી ગુરુજીના આગમનની પૂર્વતૈયારી તેમજ સત્સંગ વિચરણ કાજે અગાઉથી પધારી ગયા હતા. પરિણામે વ્હાલા ગુરુજીએ પણ વિશેષ લાભ આપી સત્સંગ સમાજને બળ આપ્યું. આ ચાર દિવસીય શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજીએ મોટાપુરુષનો મહિમા, નિમગ્નપણાનું મહત્ત્વ, મહિમા અને રાજીપાનો વિચાર, કૃપાનો વિચાર અને અસ્મિતા, દિવ્યદૃષ્ટિ, માતાપિતાનો આદર કરીએ, સંતો સાથે હેત કરીએ આદિ વિષયો પર લાભ આપી સૌને ખૂબ સુખિયા કર્યા હતા.

શિબિર દરમ્યાન સવારના ૯ વાગ્યે શરૂ થતું સેશન બપોરે દોઢ-બે વાગ્યે પૂર્ણ થતું. વળી, સાંજે ૫:૩૦ વાગ્યે શરૂ થાય તે રાત્રિના ૧૧ વાગ્યે સુધી કથાવાર્તા દ્વારા બળ આપીને સૌને સુખિયા કરતા. કેમ કરીને મહારાજના સ્વરૂપની ઓળખાણ કરાવી મહાત્મ્યથી ભરી દેવા બસ એ જ એક આગ્રહ. ક્યારેક બપોરે આરામ મળે પણ ખરો તો ક્યારેક ન પણ મળે. જો સાંજના સમયે કે સવારે પધરામણી ગોઠવાય તો હરિભક્તોને તૈયારી કરવામાં સમય જાય અને કથાવાર્તામાં કાપ આવે. કથાવાર્તાનો લાભ જતો રહે તે ગુરુદેવને પણ ન રુચે તો ગુરુજીને તો રુચે જ ક્યાંથી ? આ માટે થઈને ગુરુજી બપોરનો આરામ ત્યજી દેતા અને ૩ વાગ્યે પધરામણીનો લાભ આપવા પધારતા. ટૂંકા ગાળાનું વિચરણ હોવાથી હરિભક્તોને લાભ લેવામાં તકલીફ ન પડે તે માટે ગુરુજી પોતે સહન કરી લેતા અને કોઈને જણાવા પણ ન દેતા. આટલા વ્યસ્ત વિચરણ વચ્ચે પણ ગુરુજી દરેક વર્ગના હરિભક્તોને લાભ આપવાનો પૂરતો પ્રયાસ કરતા.

બાળસભા, કિશોર સભા, રાસોત્સવ, અંગત બેઠકો જેવાં આયોજનો દ્વારા સૌને મહિમા આકારે કરી ભરી દેતા અને નવીન સ્મૃતિઓની ભેટ આપતા. ક્યારેક ચંદનથી પૂજનનો લાભ આપતા તો ક્યારેક ટી-શર્ટ પર સિક્કા પાડી આપતા. ક્યારેક પ્રસાદી આપીને તો ક્યારેક સૌની ચિંતા રાખીને ગુરુજી સૌને રાજીપાના માર્ગે દોડાવતા. અરે ! આટલા વ્યસ્ત વિચરણ વચ્ચે પણ ગુરુજીએ રાત્રે ૧૧થી ૧૨ દરમ્યાન પૂ. સંતોની સ્પેશ્યલ સભા કરીને પૂ. સંતોને બળિયા કર્યા. તો વળી, એક દિવસ બપોરે ૩ વાગ્યે બાળસભામાં લાભ આપી બાળમુક્તોને રાજી કર્યા. સભા દરમ્યાન નિયમ-ધર્મની બાબતમાં કોઈકને વધુ કહેવાઈ ગયું હોય તો જાહેરમાં તો ખરું જ પણ પધરામણી દરમ્યાન તેમના ઘરે પધારે ત્યારે પણ રાજી કરીને માફી માગી લેતા. પણ રાજીપામાં વર્તાવવાની વાત તો અચૂક કહેતા અને કહે જ ને કેમ કે એ જ તો મોટાપુરુષનો ધર્મ છે. મહારાજના ગમતા-ન ગમતાની વાત મોટાપુરુષ નહિ કહે તો બીજું કોણ કહેશે ? એક એક જીવના હૈયે મહારાજ પધરાવવાનો આગ્રહ ગુરુજીના જીવનમાં અચૂક જણાઈ આવે.









બ્રિસ્બેન ખાતે હરિભક્તોને સુખિયા કર્યા બાદ તા. ૮-૪-૨૦૨૬ના રોજ વ્હાલા ગુરુજીનું પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે એડીલૅઈડ ખાતે આગમન થયું ત્યારે ત્યાંના હરિભક્તોને આનંદ સમાતો ન હતો. કારણ કે ૧૨ વર્ષના સમયગાળા બાદ વ્હાલા ગુરુજી ઍડિલૅઈડ પધાર્યા હતા. વળી, પૂ. આશીર્વાદસ્વામી તથા પૂ. હરિવદનસ્વામી પણ આ વિચરણમાં ગુરુજી સાથે જોડાયા હતા. ઍડિલૅઈડ ખાતે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુજીના ઉતારાની સેવાનો લાભ પ.ભ. શ્રી મનીષભાઈ ગોવાણીને મળવાથી તેઓ ધન્યભાગી બન્યા હતા. ઍડિલૅઈડ ખાતે ત્રિ-દિવસીય સત્સંગ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ પ્રાતઃ સભા તેમજ રાત્રિ સભાઓમાં સંત સમાગમનું મહત્ત્વ, સર્વોપરીપણાનાં લક્ષણો જેવા વિષયો પર લાભ આપી હરિભક્તોને વિશેષ બળિયા કર્યા હતા. તા. ૧૦-૪-૨૦૨૬ના રોજ ઍડિલૅઈડ ખાતે હૅપી ફૅમિલિ અંતર્ગત જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

વ્હાલા ગુરુજી સતત ૪૬ વર્ષથી વિચરણનો લાભ આપી રહ્યા છે. સ્વાભાવિક છે અવરભાવમાં ઉંમર પ્રમાણે શારીરિક થાક પણ જણાય. અવરભાવ એનું કામ કરે જ. તેમ છતાં ગુરુજીનો આગ્રહ કેટલો ! ક્યારેય આરામ કરવાની વાત જ નહીં. હરિભક્તોએ આપણા માટે થઈને સ્પેશ્યલ રજા લીધી છે. હરિભક્તોને પૂરેપૂરો લાભ મળવો જ જોઈએ. વાહ દયાળુ વાહ ! આપે દયા કરીને આવા દિવ્યપુરુષ આપી અમને ફવડાવી દીધા. કોણ છે આવો લાભ આપનાર ? કોને પડી છે ? આ એક જ પુરુષ એવા છે કે જે વઢીને પણ મહારાજના મહિમાની વાત કરી રાજીપામાં વર્તાવે છે. ઑસ્ટ્રેલિયાથી વળતા આવતાં સિંગાપૉર એરપોર્ટ પર સાથે સેવામાં રહેલા બે સંતો અને બે હરિભક્તો જ હતા છતાં એરપોર્ટ પર જ એ મુક્તોને બે કલાક લાભ આપ્યો ને રાજીપાના માર્ગે દોડાવ્યા. મળેલા દિવ્યપુરુષને સદાય રાજી કરી શકીએ એવું બળ પ્રાપ્ત થાય એવી મહાપ્રભુના ચરણે પ્રાર્થના.

આમ, આ ૧૦ દિવસના ઑસ્ટ્રેલિયા સત્સંગ વિચરણ દરમ્યાન વ્હાલા ગુરુજીએ સમસ્ત સમાજને ૩૯થી વધુ અંગત બેઠકો, ૨૫થી વધુ પધરામણી, દિવ્ય સાંનિધ્ય શિબિર, બાળ સભા, કિશોર સભા સહિત અન્ય સભાઓ, ૩ મિટિંગનો લાભ આપી હરિભક્ત સમાજને બળ પ્રદાન કર્યું હતું. તા. ૧૧-૪-૨૦૨૬ના રોજ વ્હાલા ગુરુજીનું સંત મંડળ સાથે ઈન્ડિયા ખાતે આગમન થયું હતું. સર્વે હરિભક્તોએ અમદાવાદ એરપોર્ટ પર તેમજ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે પૂ. સંતોએ, ગુરુકુલના બાળમુક્તોએ તેમજ હરિભક્તોએ આ આગમનને તાળીઓના નાદથી વધાવી લીધું હતું.















## ઝાલોદ મંદિર રજત પાટોત્સવ

એસ.એમ.વી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિર ઝાલોદને તા. ૨૬-૩-૨૦૨૬, ચૈત્ર સુદ નોમના (હરિનવમીના) દિવસે ૨૫ વર્ષ પૂર્ણ થયાં. જે નિમિત્તે તા. ૨૫-૩-૨૦૨૬ના રોજ વ્હાલા ગુરુજીની આજ્ઞાથી અઠવાડિક સભા દરમ્યાન પૂ. સંતોના સાંનિધ્યમાં રજત પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુ ઝાલોદના હરિભક્તોને ૨૫-૨૫ વર્ષથી સુખિયા કરી રહ્યા છે. સૌને આજે હૈયામાં અનેરો આનંદ હતો. તા. ૨૫-૩-૨૦૨૬ના રોજ સાંજે ૬:૩૦થી ૯:૩૦ દરમ્યાન ઝાલોદ રજત પાટોત્સવનું આયોજન ગોઠવાયું હતું. સાંજે ૬:૩૦ કલાકે ભક્તિયાત્રા દ્વારા આ ઉત્સવનો પ્રારંભ થયો. પૂ. સંતોએ ભક્તિયાત્રા પૂર્ણ થયા બાદ સિંહાસન મધ્યે મુક્તમંડળે સહિત બિરાજમાન ઘનશ્યામ મહાપ્રભુને ચંદનથી પૂજન કરવાનો લાભ લીધો હતો. આનંદોત્સવ દરમ્યાન પૂ. સંતોએ હરિભક્તો પર પુષ્પવૃષ્ટિ કરી રાજીપો જણાવ્યો હતો. આજરોજ સાંજે ૭:૩૦થી ૯:૦૦ દરમ્યાન પાટોત્સવ સભાનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં પૂ. સંતોએ કથાવાર્તાનો લાભ આપી સૌ મુક્તોને મહિમાસભર બનાવ્યા હતા. પૂ. નિર્મળસ્વામી, પૂ. નિર્લોભસ્વામી, પૂ. સ્મરણસ્વામી, પૂ. ઉત્તમસ્વામી, પૂ. દીનબંધુસ્વામી, પૂ. આનંદસ્વામીની માર્ગદર્શકતા હેઠળ સર્વે સ્વયંસેવક મુક્તોએ આ રજત પાટોત્સવ પ્રોગ્રામને દીપાવ્યો હતો. હરિભક્તો પણ આજના પ્રસંગે વિવિધ પ્રોગ્રામોનો લાભ લઈ ધન્યભાગી બન્યા હતા.

## ગુરુજીની શ્રીહરિના સંકલ્પોરૂપી ભલામણ

મહિને એક વખત પરિવાર સભા કરવી. સમૂહભોજન કરવું. અરસપરસ પ્રીતિ કરવી તે સાચો સત્સંગ છે. આવા પુરુષોત્તમનારાયણ મળ્યા પછી ઉદ્વેગ રહે ? શું સત્સંગમાં આવીને કમાયા ? મૂર્તિમાં પ્રીતિ કરવી છે તો પહેલાં મૂર્તિમાં રહેનારા જોડે તો પ્રીતિ કરીએ.

• • •

દર અઠવાડિયે ફૅમિલિ ટાઇમ સભામાં ક્ષમાયાચના દિન રાખો. અઠવાડિયામાં એકબીજા વચ્ચે મનદુ:ખ થયું હોય તો એકબીજાની માફી માગી સૉરી કહેજો. બધા સભ્યોએ દંડવત, મહિલા સભ્યોએ પંચાંગ પ્રણામ કરવાં. આ દિવસે સારા થાળ કરી ઠાકોરજીને ધરાવી સમૂહભોજન કરજો. આગ્રહ કરીને અરસપરસ પીરસજો.






## પાટણ મંદિર દશાબ્દી ઉત્સવ

ઈ.સ. ૨૦૧૬માં પાટણ ખાતે કારણ સત્સંગના પ્રચાર-પ્રસાર હેતુ નૂતન હરિમંદિર તૈયાર કરવામાં આવ્યું હતું. તા. ૨૫-૨-૨૦૨૬ના રોજ અઠવાડિક સભા દરમ્યાન સંસ્થાના પ્રભારી સંત પૂ. ધર્મસ્વામીની ઉપસ્થિતિમાં પાટણ મંદિરના દશાબ્દી ઉત્સવનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું.

સાંજે ૬:૦૦થી ૯:૩૦ દરમ્યાન આયોજિત આ દશાબ્દી ઉત્સવમાં સાયંકાળે ૬ વાગ્યે પ.ભ. શ્રી મુકેશકુમાર ગોપાલજીભાઈ ઠાકોરના નિવાસસ્થાનેથી ઘનશ્યામ મહાપ્રભુની દિવ્ય છાબયાત્રાનો પ્રારંભ પૂ. સંતોએ પૂજન-અર્ચન કરીને કરાવ્યો હતો. મંદિરે છાબયાત્રાનું આગમન થયા બાદ પૂ. ધર્મસ્વામીએ તથા અન્ય પૂ. સંતોએ સિંહાસન મધ્યે બિરાજમાન ઘનશ્યામ મહાપ્રભુ, જીવનપ્રાણ બાપાશ્રી તથા દિવ્ય કારણ સત્સંગની અમીરપેઢીની મૂર્તિઓના ચંદનથી પૂજનનો લાભ લીધો હતો. ત્યારબાદ પૂ. સંતો તથા યજમાન મુક્તોએ દશાબ્દી પાટોત્સવની આરતીનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુ ૧૦-૧૦ વર્ષથી હરિભક્તોના મનોરથ પૂર્ણ કરતા હોઈ આરતી બાદ ઉપસ્થિત મુક્તોએ આનંદોત્સવ તેમજ યજમાન મુક્તોએ ધ્વજા પૂજનનો લાભ લીધો હતો. પાટોત્સવપ્રસંગે પૂ. ધર્મસ્વામીએ પ્રાર્થનાનો લાભ આપ્યા બાદ યજમાન મુક્તો સાથે ઠાકોરજીના અન્નકૂટની આરતીનો લાભ લીધો હતો. આજના પ્રસંગે પ્રાસંગિક પ્રવચનનો લાભ પૂ. અદ્‌ભુતસ્વામીએ આપ્યો હતો. ત્યારબાદ પૂ. ધર્મસ્વામીએ કથાવાર્તાનો લાભ આપી હરિભક્તોને બળિયા કર્યા હતા. પ્રોગ્રામના અંતે વ્હાલા ગુરુજીએ દિવ્ય આશીર્વાદ પાઠવી રાજીપો વરસાવ્યો હતો. પૂ. ધર્મસ્વામીની રાહબરી હેઠળ પૂ. વૈરાગ્યસ્વામી, પૂ. અદ્‌ભુતસ્વામી, પૂ. સંતોષસ્વામી, પૂ. સંયમસ્વામી તથા પૂ. ધ્યેયસ્વામીની માર્ગદર્શકતા હેઠળ આયોજિત આ દશાબ્દી ઉત્સવમાં ૧૦૦૦થી પણ વધુ હરિભક્તો લાભ લઈ ધન્ય બન્યા હતા.



કારણ સત્સંગના અવિચળ ખૂંટ ખોડ્યા બાપાશ્રીએ.

કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ




**તા. ૨૧-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૨૨-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે પ્રાતઃ સભામાં સત્સંગ સરવાણીનો લાભ આપી ઉપસ્થિત ભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે મધ્યાહ્ન સમયે ૯ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂર્ણ કર્યા હતા. વળી, આજરોજ સંધ્યા સમયે **વિજાપુર** ખાતે સ્થાનિક ભક્તોને સ્મૃતિછબીનો લાભ આપી એક અવિસ્મરણીય સ્મૃતિ ભેટ આપી હતી. આજરોજ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **વિજાપુર** ખાતે હેપી ફેમિલિ સભા અંતર્ગત ૨૧૭૦થી વધુ મુમુક્ષુઓને હૃદયસ્પર્શી અમૃતવાણીનો લાભ આપી કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૩-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **વેજલપુર (ગોધરા)** ખાતે પ્રેમીજનના પ્રેમને વશ થઈ ૧ મહાપૂજા તથા ઉપસ્થિત મુક્તોને સત્સંગ સરિતાનો લાભ આપી કૃતાર્થ બનાવ્યા હતા. વળી, **ગોધરા** ખાતે પ્રેમીભક્તને પધરામણીનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે રાત્રિ સમયે ઉપસ્થિત શ્રદ્ધાળુ ભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી રાજીપાથી ભર્યા હતા.

**તા. ૨૪-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધરા** ખાતે પ્રાતઃ સમયે ઉપસ્થિત ભક્તજનોને મૂર્તિમાં રહેવાની અદ્‌ભુત કળા અનુભવાત્મક દિવ્યવાણી દ્વારા શીખવી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **દાહોદ** ખાતે અંગત સભામાં સ્થાનિક અનુયાયીઓને અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **દાહોદ** ખાતે સ્મૃતિછબી સેશન દ્વારા સૌને

કાયમી સંભારણાંરૂપ સ્મૃતિ ભેટ આપી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્્ન સમયે **દાહોદ** ખાતે ૫ પધરામણીનો લાભ આપી આસ્થાવાન ભક્તોની ભાવના સ્વીકારી હતી. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **ઝાલોદ** ખાતે અંગત સભા દ્વારા સ્થાનિક ભક્તોને રાજીપાના માર્ગે આગળ વધવાનું દિશાદર્શન કરાવ્યું હતું. ત્યારબાદ સ્મૃતિછબી સેશન દ્વારા સૌને અનેરું સંભારણું અર્પ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સંતરામપુર** ખાતે રાત્રિ સમયે ચુનંદા ભક્તોને અંગત સભા તથા સ્મૃતિછબીનો લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

**તા. ૨૫-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે પ્રાતઃ સભામાં ૭૦૦થી વધુ મુમુક્ષુમુક્તોને પોતાની સુધાવાણીનો લાભ આપી મહિમાવંત કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ ને સાયં સમયે પ્રેમીભક્તોને સ્મૃતિછબી સેશનમાં સ્મૃતિ ભેટનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **ગોધર** ખાતે ભાવિક ભક્તના ભાવને વશ થઈ પધરામણીનો લાભ આપ્યો હતો.

**તા. ૨૭-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં ઉપસ્થિત પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૩૨,૨૪૨થી વધુ મુમુક્ષુમુક્તોને અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી મહિમાવંત કર્યા હતા.

**તા. ૨૮-૨-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **નારાયણપર (ભૂજ)** ખાતે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તને કૃતાર્થ કર્યા હતા.

**તા. ૧-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ભૂજ** ખાતે પ્રાતઃ સમયે પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તના ભાવનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૪-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે ૭૦૦થી વધુ પ્રેમીભક્તોને નિકટ દર્શનનો લાભ આપ્યો હતો.

**તા. ૬-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે પ્રાતઃ સભામાં ૬૮૦થી વધુ મુક્તોને દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રથમ સેશનમાં સ્મૃતિછબી પ્રોગ્રામ દ્વારા ઉપસ્થિત મુક્તોને અમૂલ્ય સ્મૃતિછબીનો લાભ આપી કૃપાવંત કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે સાયંકાળે ૮ પધરામણી તથા ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **બરોડા** ખાતે ૯૫૦થી વધુ સંચાલક-કાર્યકર મુક્તોને રાજીપાસભર લાભ આપી ઊર્જાવંત કર્યા હતા.

**તા. ૭-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ કાળે **બરોડા** ખાતે ૮૯૦થી વધુ ભક્તજનોને પોતાની સુધાવાણીનો લાભ આપી મહિમાસભર કર્યા હતા. ત્યારબાદ ઉપસ્થિત સ્થાનિક અનુયાયીઓને સ્મૃતિછબી સેશનમાં લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે સાયંકાળે એસ.એમ.વી.એસ.ના સ્તંભ સમા કિશોરમુક્તોને લાભ આપી મહારાજ અને મોટાના સિદ્ધાંતોથી સભર કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે રાત્રિ સમયે પોતાની અનુભવાત્મક અમૃતવાણીનો લાભ આપી ૯૩૦થી વધુ મુમુક્ષુજનોને બળ પ્રદાન કર્યું હતું.

**તા. ૮-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે પ્રાતઃ સભામાં ૯૩૦થી વધુ મુક્તોને સાત શેર ઘીના મૈસૂબ જેવી સર્વોત્તમ જ્ઞાનની વાતોનો લાભ આપી રાજીપાના માર્ગે બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ મધ્યાહ્્ન સમયે **બરોડા**ના સ્થાનિક અનુયાયીઓને સ્મૃતિછબી સેશનમાં લાભ આપી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં. ત્યારબાદ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે ૬ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **બરોડા** ખાતે રાત્રિ સમયે હૅપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૫૦૦થી વધુ ઉપસ્થિત શ્રદ્ધાળુ સમાજને આત્મીયતાના અદ્ભુત પાઠ શીખવ્યા હતા.

**તા. ૧૧-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** સ્થિત **SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**માં સારવાર લઈ રહેલ ભક્તજનોને સામે ચાલી દર્શન-આશીર્વાદનો લાભ આપી આત્મીય બન્યા હતા.

**તા. ૧૩-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **મેથાણ (સુરેન્દ્રનગર)** ખાતે ૨૧ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કરી રાજીપો વરસાવ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે રાત્રિ સમયે ૨ પધરામણી તેમજ ૧ રસોઈનો લાભ આપી પ્રેમીજનોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો.

**તા. ૧૪-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે પ્રાતઃ કાળે જ્ઞાન-ધ્યાન ચિંતનમાં પધારેલ ભૂખ્યા-ગરજુ મુમુક્ષુમુક્તોને મૂર્તિસુખના અધિકારી થવાના શૉર્ટકટ માર્ગનું દિશાદર્શન કરાવ્યું હતું. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે પ્રાતઃ સભામાં ઉપસ્થિત ૯૦૦થી વધુ ભક્તોને પોતાની દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા**



ખ્યાતનામ શિલ્પોની શિલ્પકળાથી શિલ્પીની ઓળખાણ થાય છે.

**ગુરુજી**એ સંધ્યા સમયે **સુરેન્દ્રનગર** ખાતે ૨ પધરામણીનો લાભ આપી આસ્થાવાન ભક્તોના કાલાવાલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સુરેન્દ્રનગર** ખાતે રાત્રિ સમયે હેપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૪૦૦થી વધુ સ્થાનિક શ્રદ્ધાળુ ભક્તોને હૃદયસ્પર્શી અમૃતવાણીનો લાભ આપી આત્મીય બનવા દૃઢ નિશ્ચયી બનાવ્યા હતા.

**તા. ૧૫-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પ્રાતઃ સમયે સંકલ્પ સભામાં પરભાવી વાણીની લહાણી દ્વારા પ્રત્યક્ષ તથા ઑનલાઈન લાભ લેનાર ૩૮,૭૬૯થી વધુ મુમુક્ષુઓને સુખિયા કર્યા હતા.

**તા. ૧૮-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **નિકોલ** ખાતે પંચમ વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે ૩૪૫૦થી વધુ સ્થાનિક અનુયાયી સમાજને પ્રભુ રીઝવવાની રીત અનુભવાત્મક દિવ્યવાણી દ્વારા શીખવી હતી. વળી, આજરોજ **વ્હાલા ગુરુજી**એ **નિકોલ** ખાતે ૧ રસોઈની સેવાનો લાભ પણ કૃપા કરી આપ્યો હતો.

**તા. ૨૦-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે રાત્રિ સમયે હેપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૪૦૦થી વધુ સ્થાનિક ભક્તોને આત્મીયતાનું મૂલ્ય સમજાવી આત્મીય પરિવાર કરવાના પાઠ શીખવ્યા હતા.

**તા. ૨૧-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **હિંમતનગર**ના ચુનંદા મુક્તોને અંગત લાભ આપી રાજીપાના માર્ગે બળિયા કર્યા હતા. આજરોજ **હિંમતનગર** ખાતે મધ્યાહ્ન સમયે ઉપસ્થિત અનુયાયી સમાજને સ્મૃતિછબી સેશન દ્વારા **ગુરુજી** સંગે સ્મૃતિછબીનો અણમોલ લહાવો પ્રાપ્ત થયો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **હિંમતનગર** ખાતે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ખાતે બિરાજી **આફ્રિકા બોટ્સવાના** ખાતેની સભામાં ઑનલાઈન માધ્યમે લાભ આપી સૌને બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે રાત્રિ સમયે ૯૦૦થી વધુ સ્થાનિક અનુયાયીઓને અંગત લાભ પ્રદાન કરી મહારાજ-મોટાના સંકલ્પમાં આગળ વધવાના આશિષ સહ લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે મોડી રાત્રે પોતાના હૃદય સમા કિશોરમુક્તોને લાભ આપી માતૃવાત્સલ્ય નેહથી ભર્યા હતા.

**તા. ૨૨-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે પ્રથમ સેશનમાં સંચાલક-કાર્યકર મુક્તોને રાજીપાસહ લાભ આપી મહારાજ-મોટાના સંકલ્પની સેવામાં દોડવા માટેના જોમ-જુસ્સાથી ભર્યા હતા. ત્યારબાદ **મોડાસા** ખાતે મધ્યાહ્ન સમયે ઉપસ્થિત મુક્તો **વ્હાલા ગુરુજી** સંગે સ્મૃતિછબીનો લાભ લઈ કૃતાર્થ બન્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **મોડાસા** ખાતે ૪ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી રાજીપાચાહક ભક્તોને રાજીપાથી ભર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **મોડાસા**ના ૨૨૦૦થી વધુ સ્થાનિક શ્રદ્ધાળુજનોને હેપી ફૅમિલિ સભા અંતર્ગત હૃદયસ્પર્શી દિવ્યવાણીનો લાભ આપી ધન્યભાગી બનાવ્યા હતા.

**તા. ૨૪-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પધરામણી તેમજ રસોઈની સેવાનો લાભ આપી ભક્તજનના મનોરથ ફળીભૂત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** સ્થિત **SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ**માં સારવાર લઈ રહેલ ભક્તજનોને દર્શન-આશીર્વાદનો લાભ આપી હામ પૂરી હતી.

**તા. ૨૫-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે પધરામણી તથા રસોઈની સેવાનો લાભ આપ્યો હતો.

**તા. ૨૬-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ધમાસણા (પાટણ)** ખાતે સંધ્યા સમે ૨ પધરામણીનો લાભ આપી ભક્તોને સુખ પ્રદાન કર્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **પાટણ** ખાતે શ્રીહરિ પ્રાગટ્યોત્સવમાં લાભ આપી ઉપસ્થિત ભક્ત સમાજને મહારાજના મહિમાથી ભર્યા હતા.

**તા. ૨૭-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **પાટણ** ખાતે પ્રાતઃ સભામાં ઉપસ્થિત અનુયાયી મુક્તોને પોતાની અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **પાટણ** ખાતે મધ્યાહ્ન સમયે ૮ પધરામણીનો લાભ આપ્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **ઊંઝા** ખાતે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે સંધ્યા સમયે સ્મૃતિછબી સેશનમાં લાભ આપી સ્થાનિક ભક્તોને અણમોલ સ્મૃતિ ભેટ અર્પી હતી. આજરોજ રાત્રિ સમયે **ઊંઝા** ખાતે **વ્હાલા ગુરુજી**એ હેપી ફૅમિલિ સભા અંતર્ગત ૧૬૦૦થી વધુ સ્થાનિક સમાજને પોતાની અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી આત્મીય પરિવાર કરવાનું દિશાદર્શન કરાવ્યું હતું. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે મોડી રાત્રે પોતાના વ્હાલસોયા કિશોરમુક્તોને અદ્‌ભુત સ્નેહલધારાથી કૃતકૃત્ય બનાવ્યા હતા.

**તા. ૨૮-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **ઊંઝા** ખાતે પ્રાતઃ સભામાં મૂર્તિસુખની લહાણી કરી હતી. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **પાલનપુર** ખાતે પ્રેમીભક્તને પધરામણીનો લાભ આપી, ત્યાંના ભક્તજનોને અંગત લાભ આપી મહિમાસભર કર્યા હતા. ત્યારબાદ **વ્હાલા ગુરુજી** સંગે સ્મૃતિછબી લેવાનો અનેરો લાભ **પાલનપુર**ના પ્રેમીભક્તોને પ્રાપ્ત થયો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **વિસનગર** ખાતે ૪ પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના કાલાવાલાને અંગીકાર કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **વિસનગર** ખાતે સ્મૃતિછબી સેશનમાં લાભ આપી સ્થાનિક અનુયાયી વર્ગને અમૂલ્ય સ્મૃતિ ભેટ અર્પી હતી. ત્યારબાદ **વ્હાલા ગુરુજી**એ **વિસનગર** ખાતે રાત્રિ સમયે ઉપસ્થિત ભક્ત સમાજને રાજીપાના માર્ગે આગળ વધવાનું બળ પ્રદાન કર્યું હતું.

**તા. ૨૯-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૩૨,૩૪૪થી વધુ મુમુક્ષુમુક્તોને અદ્ભુત સંકલ્પસભર દિવ્યાશિષના ખાંગા કરી સુખથી રસતરબોળ કર્યા હતા.

**તા. ૩૧-૩-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **ચાંદખેડા** ખાતે પંચમ વાર્ષિક પાટોત્સવ ઉપક્રમે ઉપસ્થિત ૧૫૦૦થી વધુ આસ્થાવાન ભક્તોને પ્રભુ રીઝવવાની અદ્ભુત રીત અનુભવાત્મક દિવ્યવાણી દ્વારા શીખવી હતી.

**તા. ૧-૪-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **શીલજ** તથા **સાયન્સ સિટી** ખાતે ૩ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીભક્તોને કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨-૪-૨૬**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૪૦,૦૮૮થી વધુ મુમુક્ષુમુક્તોને મોક્ષ માર્ગે નિર્વિઘ્ન થવાની અદ્ભુત ચાવી હૃદયસ્પર્શી દિવ્યવાણીનો લાભ આપી બતાવી હતી.

## કિશોર-યુવા સત્સંગ પરીક્ષા

**તા. ૨૧-૬-૨૦૨૬ રવિવારથી તા. ૨૮-૬-૨૦૨૬ રવિવાર**

**(જે તે સેન્ટરની અઠવાડિક સભાના દિવસે અઠવાડિક સભાના સમયે)**

### કિશોર-યુવા સત્સંગ પરીક્ષા અભ્યાસક્રમ

- શિક્ષાપત્રી સાર પુસ્તિકા (ઑક્ટોબર ૨૦૨૫માં પ્રકાશિત થયેલ બારમી આવૃત્તિ તથા તે પછીની આવૃત્તિ)
- શિક્ષાપત્રી દ્વિશતાબ્દી ઉત્સવ પ્રોગ્રામ દરમ્યાનનો વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો ત્રણેય દિવસનો લાભ

| | | |
|---|---|---|
| તા. ૨૩–૧–૨૦૨૬<br>દિન–૧ | તા. ૨૪–૧–૨૦૨૬<br>દિન–૨ | તા. ૨૫–૧–૨૦૨૬<br>દિન–૩ |

### પરીક્ષા અંગે અગત્યની સૂચનાઓ

૧. અઠવાડિક સભામાં આવતા તમામ સભ્યો સત્સંગ પરીક્ષાનો લાભ લઈ શકે તે માટે સત્સંગ પરીક્ષા અઠવાડિક સભા દરમ્યાન જ લેવાની રહેશે.

૨. ૧૪ વર્ષથી ઉપરના તમામ મુક્તોએ આ કિશોર-યુવા સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.

૩. આદર્શ પ્રોજેક્ટમાં જોડાયેલા DSS, AYP, પ્રિ-મુમુક્ષુના મુક્તોએ તથા તમામ ચેનલના અગ્રેસર-સંચાલક-કાર્યકરોએ ફરજિયાત પરીક્ષા આપવાની રહેશે.

૪. કિશોર-યુવા સત્સંગ પરીક્ષા ૫૦ ગુણની રાખવામાં આવશે.

૫. પરીક્ષાનો સમય ૪૦ મિનિટનો રહેશે.

૬. આ સત્સંગ પરીક્ષા લેખિત એટલે કે ઓફલાઇન માધ્યમ દ્વારા જ લેવામાં આવશે. ઓનલાઇન માધ્યમ દ્વારા આ પરીક્ષા લેવામાં નહિ આવે.





## વેકેશન કિશોર શિબિર

આજના આધુનિક યુગમાં ટેક્નોલોજી માનવજીવનના દરેક ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. વ્યક્તિ પોતાના બાહ્ય વિકાસ માટે ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ કરે છે, પરંતુ તેની સાથે આંતરિક અને આધ્યાત્મિક વિકાસ પણ એટલો જ આવશ્યક છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને તા. ૨૩-૩-૨૦૨૬થી તા. ૨૯-૩-૨૦૨૬ દરમ્યાન વેકેશન કિશોર શિબિરનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનો મુખ્ય હેતુ કિશોરોના બાહ્યિક વિકાસ સાથે તેમના જીવનમાં દિવ્યજીવન, સંસ્કાર અને આધ્યાત્મિકતાનું બીજ વાવવાનો હતો. શિબિરની મુખ્ય થીમ ‘ChatGPT’ રાખવામાં આવી હતી. જેમાં આધુનિકતા અને આધ્યાત્મિકતાનો અનોખો સુમેળ કરવામાં આવ્યો હતો. વિવિધ સેમિનાર, પૂ. સંતોની કથાવાર્તા તથા વિવિધ પ્રકારના પ્રેક્ટિકલ વર્કશોપ દ્વારા કિશોરોમાં જીવનના મૂલ્યોનું સિંચન કરવામાં આવ્યું. ગ્રૂપ ગોષ્ઠિ, ડિસ્કશન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા કિશોરોમાં મહારાજ ને મોટાપુરુષ પ્રત્યે મમત્વભાવ, નિષ્ઠા અને મહાત્મ્યની દૃઢતા કરાવવા પ્રયત્ન થયો હતો. વ્હાલા ગુરુજીએ પોતાના હૃદય સમાન કિશોરોના ઘડતર માટે પોતાના અત્યંત વ્યસ્ત સમયપત્રક વચ્ચે પણ સમય ફાળવ્યો હતો. વ્હાલા ગુરુજીનાં દિવ્ય દર્શન, કથાવાર્તા, વ્હાલ અને દિવ્ય હસ્તે પ્રાપ્ત થયેલી પ્રસાદીથી સર્વે મુક્તોને માતૃવાત્સલ્યનો દિવ્ય અનુભવ થયો હતો. આમ, એક સપ્તાહ ચાલેલી આ વેકેશન કિશોર શિબિરમાં મોટી સંખ્યામાં કિશોરોએ ઉત્સાહભેર લાભ લીધો અને વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં જીવનઘડતરના અમૂલ્ય પાઠ શીખ્યા. આ શિબિરે કિશોરોના જીવનમાં તેમના ભવિષ્ય માટે સંસ્કાર, નિષ્ઠા અને આધ્યાત્મિકતાનો મજબૂત પાયો પૂરો પાડ્યો. આ વેકેશન કિશોર શિબિર કિશોરોના જીવનઘડતરમાં એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થઈ.

## SKS Camp

‘અમે તો શ્રીજીના કિશોર, સમજીએ જાવું છે કિસ ઓર.’ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય સંકલ્પોને સાકાર કરવા તથા શ્રીજી અર્થે જીવન જીવવા થનગનતા કિશોરો માટે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે તા. ૨૦-૩-૨૦૨૬થી તા. ૨૨-૩-૨૦૨૬ દરમ્યાન ત્રિ-દિવસીય SKS કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં વાત્સલ્યમૂર્તિ ગુરુજીએ સિલેક્ટેડ કિશોરમુક્તોને સિદ્ધાંતની અસ્મિતા વિષય પર લાભ આપી સૌને અસ્મિતાસભર કર્યા હતા તથા પૂ. સંતોએ જીવનધ્યેય અને મોટાપુરુષ સાથે પ્રીતિ જેવા વિષયો પર લાભ આપી સૌને મહિમાસભર કર્યા હતા. તદુપરાંત ગ્રૂપ ગોષ્ઠિ, વિષય આધારિત વિવિધ એક્ટિવિટી અને અંગત બેઠકો દ્વારા કિશોરોને વિશેષ માર્ગદર્શન આપી જીવનધ્યેયની દૃઢતા કરાવવામાં આવી હતી. આમ, કેમ્પમાં ૭૫થી વધુ કિશોરોએ ‘ગુરુજીના રાજીપામાં જ રહેવું છે અને **SMVS** માટે જ જીવવું છે’ એવો ઉમદા ધ્યેય નક્કી કરી ઉમંગભેર વિદાય લીધી હતી.





## મૂર્તિસુખે સુખિયા

કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :

**મૂ.નિ. વિપુલભાઈ મનસુખભાઈ માંગરોળિયા, ઉંમર વર્ષ-૪૫, નિકોલ; તા. ૧૪-૨-૨૦૨૬**

**મૂ.નિ. મણિલાલ છગનદાસ પ્રજાપતિ, ઉંમર વર્ષ-૮૯, પાટણ; તા. ૧૮-૨-૨૦૨૬**

**મૂ.નિ. ભરતભાઈ નરસીંગભાઈ ચાવડા, ઉંમર વર્ષ-૪૭, સુરેન્દ્રનગર; તા. ૫-૩-૨૦૨૬**

**મૂ.નિ. વસંતભાઈ માધવજીભાઈ સોની, ઉંમર વર્ષ-૭૮, કુવૈત; તા. ૮-૩-૨૦૨૬**

**મૂ.નિ. મોતીલાલજી કેદારમલજી શર્મા, ઉંમર વર્ષ-૮૦, દહેગામ; તા. ૯-૩-૨૦૨૬**

**મૂ.નિ. ગોવિંદભાઈ જગજીવનભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૬૯, સેટેલાઇટ; તા. ૧૧-૩-૨૦૨૬**

**મૂ.નિ. અંબાલાલ ધૂળાભાઈ પારેખ, ઉંમર વર્ષ-૭૫, વડોદરા; તા. ૧૪-૩-૨૦૨૬**

**મૂ.નિ. નટવરલાલ જીવરામભાઈ ગોવાણી, ઉંમર વર્ષ-૯૧, વાસણા; તા. ૧૬-૩-૨૦૨૬**

**મૂ.નિ. હાર્દિકભાઈ ઘૂસાભાઈ ગજેરા, ઉંમર વર્ષ-૨૯, સુરત; તા. ૨૨-૩-૨૦૨૬**

**મૂ.નિ. જીવણભાઈ મગનદાસ પટેલ, ઉંમર વર્ષ-૮૧, ભાણપુર; તા. ૩૧-૩-૨૦૨૬**

**મૂ.નિ. અનિલકુમાર ભૂપતભાઈ પટેલિયા, ઉંમર વર્ષ-૨૩, ગોધરા; તા. ૮-૪-૨૦૨૬**

**મૂ.નિ. કૌશિકભાઈ જયંતિલાલ કાછિયા, ઉંમર વર્ષ-૫૭, વાસણા; તા. ૯-૪-૨૦૨૬**

**મૂ.નિ. હરિપ્રસાદ માણેકલાલ જાની, ઉંમર વર્ષ-૮૨, મહેસાણા; તા. ૯-૪-૨૦૨૬**

**મૂ.નિ. જય પ્રવીણભાઈ તન્ના, ઉંમર વર્ષ-૩૪, લંડન; તા. ૧૦-૪-૨૦૨૬**

**મૂ.નિ. જમનાબેન વસનજીભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૯, બોસ્ટન; તા. ૬-૨-૨૦૨૬**

**મૂ.નિ. કપિલાબેન ચીમનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૯૨, દરિયાપુર (વાસણા); તા. ૧૫-૨-૨૦૨૬**

**મૂ.નિ. કાંતાગૌરી શિવલાલ કારિયા, ઉંમર વર્ષ-૯૨, મુંબઈ; તા. ૧૮-૨-૨૦૨૬**

**મૂ.નિ. દક્ષાબેન ભરતભાઈ પટેલ, ઉંમર વર્ષ-૫૧, નરોડા; તા. ૨૪-૨-૨૦૨૬**

**મૂ.નિ. બચજીબેન બલવંતસિંહ ચૌહાણ, ઉંમર વર્ષ-૫૭, ગોધરા; તા. ૨૫-૨-૨૦૨૬**

**મૂ.નિ. ભારતીબેન મહેન્દ્રભાઈ કાનાબાર, ઉંમર વર્ષ-૬૨, ગીર ગઢડા; તા. ૭-૩-૨૦૨૬**

**મૂ.નિ. લક્ષ્મીબેન અભેસંગભાઈ પરમાર, ઉંમર વર્ષ-૮૨, ભવાનપુરા; તા. ૮-૩-૨૦૨૬**

**મૂ.નિ. શાંતાબેન ગોવિંદભાઈ લુણાગરિયા, ઉંમર વર્ષ-૯૮, ભૂજ; તા. ૧૬-૩-૨૦૨૬**

**મૂ.નિ. નાનીબેન શિવાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૯, કમળાપુરા; તા. ૧૭-૩-૨૦૨૬**

**મૂ.નિ. સૂર્યાબેન અરવિંદભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૦, ઘાટલોડિયા; તા. ૨૭-૩-૨૦૨૬**

આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.

## સંસ્થા ગૌરવ

### નિર્ભય ચિરાગભાઈ ઠક્કર - મહેસાણા



મહેસાણા સેન્ટરના બાળમુક્ત નિર્ભય ઠક્કરે ગુજરાત બેડમિન્ટન એસોસિયેશનના નેજા હેઠળ ભરૂચ જિલ્લા બેડમિન્ટન એસોસિયેશન દ્વારા ભરૂચ ખાતે આયોજિત થોનેક્સ - સનરાઇઝ ગુજરાત સ્ટેટ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં (અંડર-૧૧માં) મહેસાણા પોલીસ બેડમિન્ટન એકેડેમીના પ્રતિભાશાળી ખેલાડી તરીકે ડબલ્સ કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. માત્ર ૯ વર્ષની ઉંમરે મેળવેલ આ અનોખી સિદ્ધિ બદલ બાળમુક્ત નિર્ભયને ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે ભવિષ્યમાં તેઓ વધુ ને વધુ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરતા રહે.



છતે દેહે હું મૂર્તિધામમાં જ છું.

# હવે નથી
# પથરી, પ્રૉસ્ટેટ કે મૂત્રમાર્ગના રોગોનું ટેન્શન



કારણ કે
અદ્યતન સુવિધાઓથી સજ્જ
યુરૉલૉજી વિભાગ દ્વારા

**SMVS આપે છે સચોટ સૉલ્યુશન...**

## ડૉ. રાકેશ વાઢેર
**(યુરૉલૉજિસ્ટ)**

ઑ.પી.ડી. સમય: સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી (સોમવારથી શનિવાર)

અત્યાર સુધી અમે સફળતાપૂર્વક કરી છે

**10,000+** યુરૉલૉજી સર્જરી

## યુરૉલૉજી વિભાગમાં
### ઉપલબ્ધ સુવિધાઓ

- અત્યાધુનિક લિથૉટ્રિપ્સી દ્વારા પથરી તોડવાનું ઑપરેશન
- કિડની અથવા મૂત્રાશયની પથરીનું નિદાન અને સારવાર
- મૂત્રાશય તથા પ્રૉસ્ટેટના કૅન્સરનું નિદાન અને સારવાર
- પ્રૉસ્ટેટનું દૂરબીનથી ઑપરેશન
- પર્ક્યુટેનિયસ નેફ્રોલિથોટોમી સર્જરી (PCNL)
- પ્રૉસ્ટેટનું ટ્રાન્સ-યુરેથ્રલ રિસેક્શન (TURP)

## યુરૉલૉજી સર્જરી વિભાગના પૅકેજ

| | |
|---|---|
| URS | માત્ર રૂ. 34,999/- (દવાઓ સાથે) |
| પથરી તોડવાનું ઑપરેશન | માત્ર રૂ. 44,999/- (દવાઓ સાથે) |
| પ્રૉસ્ટેટનું ઑપરેશન | માત્ર રૂ. 44,999/- (દવાઓ સાથે) |
| લિથૉટ્રિપ્સી | માત્ર રૂ. 4,999/- (દવાઓ સાથે) |

**આયુષ્માન કાર્ડ હેઠળ નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ**

**દરેક વીમા કંપનીના કેશલેસની સુવિધા ઉપલબ્ધ**

SMVS SWAMINARAYAN HOSPITAL

Emergency Help Line : 73 73 73 39 04 / 05 | www.smvshospital.com

**SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ**
SMVS સ્વામિનારાયણ હૉસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં,
કોબા-ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.

વધુ માહિતી માટે કૉલ કરો : 63 59 77 07 25

info@smvshospital.com

Follow us :

BHAKTI
Purity of Swaminarayan

# Summer Time Special

**ભક્તિ ગૃહ ઉદ્યોગ**

શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ પંચવર્તમાન પાળે તેના ઉપર શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો થાય છે. આવો રાજીપો નિરંતર મળે તે માટે '**SMVS** ભક્તિ ગૃહ ઉદ્યોગ' દ્વારા ખાસ કાળજીપૂર્વક ક્રિયાશુદ્ધિયુક્ત અનેક વાનગીઓ બનાવવામાં આવે છે. ચુસ્ત નિયમ-ધર્મ પાળતા હરિભક્તોનાં પંચવર્તમાન સચવાઈ શકે એવી રીતે બનાવેલ હોવાથી તેમને ખાસ ઉપયોગી થઈ શકશે. સંસ્થાના તમામ મંદિરોમાં 'ભક્તિ ઉપહાર ગૃહ' ઉપરથી અહીં દર્શાવ્યા ઉપરાંત અન્ય ઘણી આઇટમો પ્રાપ્ત થાય છે. આ લાભ અચૂક લઈએ અને અન્યને પણ લેવડાવીએ.

**બળબળતા તાપથી થઈ ગયા છો તંગ ?**
**આવો, ઠંડક મેળવીએ ભક્તિ ગૃહ ઉદ્યોગને સંગ.**



## ફ્લેવર્ડ આઇસક્રીમ

- માવા મસ્તી
- કાજુદ્રાક્ષ
- કેસર પિસ્તાં
- વેનિલા
- ચોકલેટ
- મેંગોડોલી
- ચોપાટી

ઉપવાસમાં ચોપાટી અને શ્રીખંડનો ઉપયોગ કરી શકાશે.

## શ્રીખંડ



## સોફ્ટ ડ્રિન્ક

- ઓરેન્જ
- બ્લ્યૂબેરી
- લેમન
- ગ્રીન એપલ
- કોલા
- જીરા
- મેંગો
- પાઇનેપલ




આપના ઘર, ઓફિસ કે અન્ય કોઈ પણ શુભ પ્રસંગે 'ભક્તિ ગૃહ ઉદ્યોગ' દ્વારા કેટરર્સનો ઓર્ડર લેવામાં આવે છે.
ઓર્ડર માટે સંપર્ક - ભક્તિ ગૃહ ઉદ્યોગ : ૯૦૯૯૦ ૬૦૪૦૯

# Swaminarayan Note Book - 2026

## Swaminarayan AMRUT




## Swaminarayan SANKALP




## Swaminarayan 156 PAGE DIVAMRUT




## Swaminarayan 180 PAGE DIVAMRUT




## ચોપડાની વિશેષતાઓ

**ટાઇટલ** : મલ્ટિ કલર • **પુસ્તકો** : પ્રીમિયમ બુક / એક્ઝિક્યુટિવ બુક / એક્સરસાઇઝ બુક

**લેમિનેશન** : થર્મલ મેટ • **ડિઝાઇન** : એક્સક્લુઝિવ કર્વ કોર્નર

**લાઇન** : સિંગલ લાઇન

**પ્રાપ્તિસ્થાન**

**SMVS સ્વામિનારાયણ મંદિરના તમામ બુકસ્ટોલ**

# Staff requirement
# @ Anadimukta Vishwam





## Civil Engineer

Education : Diploma / B.E. Civil Engineer

Experience : Minimum 5-7 Years (Freshers may also apply)

## Electrical Engineer (Site Supervisor)

Education : Diploma / B.E. - Electrical

Experience : Minimum 5-7 Years (Any Construction Site Experience)

## Draft Man (Male / Female)

Education : Diploma Civil Engineer

Experience : Minimum 2 Years

## Horticulturist

Education : Bachelor's / Master's in Horticulture

Experience : Minimum 5-7 Years

**Send Resume to**

dhramani@in.smvs.org
+ 91 75750 46478

nirman@in.smvs.org
+ 91 98253 10463

## ICT & ELV Project Head & Operations

Education : Diploma / B.E. - IT / Electronics / Electrical with strong ELV Background

Experience : Minimum 5 Years

Send Resume to : kjpatel@in.smvs.org / + 91 90990 18030

## ગ્રાફિક્સ ડિપાર્ટમેન્ટ - @ Swaminarayan Dham

સંસ્થાના ગ્રાફિક્સ વિભાગમાં ગ્રાફિક્સ મેનની જરૂર છે.

(કોરલ, ફોટોશોપ, પેજમેકર, ટાઇપ રાઇટિંગ તથા ગ્રાફિક્સ સ્કિલના જાણકાર)

**SMVS** સંસ્થાના કાર્યકર તથા અનુભવી હોવા જરૂરી

Send Resume to : Sahitya@in.smvs.org • (M) **મેહુલભાઈ પનારા - ૯૯૨૫૨૩૭૦૨૪**


૧



૨


૩


૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ


૫


૬


૭


૮

(૧-૪) ઝાલાવાડ ખાતે મેથાણ તેમજ સુરેન્દ્રનગર શહેર વિસ્તારમાં દિવ્ય સત્સંગ વિચરણ (૫) નિકોલ ખાતે પંચમ વાર્ષિક પાટોત્સવમાં લાભ (૬-૮) હિંમતનગર તેમજ મોડાસા ખાતે અનુક્રમે સત્સંગ વિચરણમાં લાભ

Ghanshyam, May-2026 Published on 10-05-2026. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha **(SMVS)** and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.













## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ













(૧-૬) ધમાસણા, પાટણ, ઊંઝા, પાલનપુર તેમજ વિસનગર ખાતે અનુક્રમે મુમુક્ષુજનોના સાંસાગોટિલા સ્વીકારતા ગુરુજી
(૭-૮) ચાંદખેડા ખાતે પંચમ વાર્ષિક પાટોત્સવમાં તેમજ સાઉથ બોપલ ખાતે પધરામણીમાં લાભ આપતા ગુરુજી